RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 188* Date: 06.05.2022 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# સુરતની કોર્ટે ગ્રીષ્માના હત્યારા ફેનિલને ફાંસીની સજા ફટકારી, ફેનિલના ચહેરા પર ન ડર દેખાયો ન અફસોસ

## ગ્રીષ્માને ન્યાય મળ્યાની લાગણી સાથે તેનાં પરિવારજનો કોર્ટરૂમમાં જ રડી પડ્યાં

સુરત,તા.૫

સુરતના પાસોદરામાં ગત ૧૨ ફેબ્રુઆરીએ જાહેરમાં કરાયેલી ગ્રીષ્મા વેકરિયાની હત્યાના કેસમાં હત્યારા ફેનિલ ગોયાણીને કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. આજે ચુકાદા પહેલા કોર્ટમાં પહોંચેલા ફેનિલના ચહેરા પર સહેજ પણ ડર કે અફસોસ દેખાયો ન હતો. કોર્ટમાં બંને પક્ષના વકીલ સાથે ગ્રીષ્માના પરિવારજનો હાજર રહ્યાં હતા. મનુસ્મૃતિના શ્લોકથી ચુકાદાની શરૂઆત કરતા જજ વિમલ કે. વ્યાસે કહ્યું હતું કે, દંડ દેવો સરળ નથી, પણ આ રેરેસ્ટ ઓફ ધી રેર કેસ છે. ત્યાર બાદ ફાંસીની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે પોતાના ચુકાદામાં યુવા પેઢીને પણ એક સંદેશો આપતા કહ્યું કે, આજની પેઢી મોબાઈલમાં રચી પચી રહે છે અને હિંસક વેબ સિરીઝ જુએ છે. જજે કહ્યું હતું કે યુવાનો આજે સતત વેબ સિરીઝ સતત જોતા રહે છે, જેના કારણે તેમની માનસિકતા ઉપર ખૂબ મોટી અસર થાય છે. વેબ સિરીઝમાં સતત અમર્યાદિત હિંસક અને બિભત્સ મૂવી ચાલતી રહે છે. યુવાનોએ પોતાનો સમય સર્જનાત્મકતા તરફ આપવો જોઈએ નહીં કે આવી પ્રવૃત્તિઓ પાછળ કે જે માનસિક રીતે નકારાત્મક વિચારો તરફ લઈ જાય. જજે બે વખત નિર્ભયા હત્યા કેસનો ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે કહ્યું કે નિર્ભયા હત્યા કેસમાં પણ આરોપીની ઉંમર ખૂબ ઓછી હતી, છતાં પણ તેમાં ક્રૂર માનસિકતા સામે આવી હતી. બચાવ પક્ષના વકીલ દ્વારા વારંવાર આરોપી ફેનીલ લઈને લઈને દલીલ કરવામાં આવી હતી.

ગ્રીષ્માના પિતાએ જણાવ્યું હતું કે ગ્રીષ્માને ન્યાય મળ્યો છે. અમારી તમામ માગણી પૂર્ણ થઈ છે. અમને ન્યાયપ્રક્રિયા પર સંપૂર્ણ વિશ્વાસ છે. પોલીસથી લઈને મદદ કરનારા તમામ નેતાઓનો આભાર. સરકાર પક્ષના વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે કોર્ટે ફેનિલ ગોયાણીને સજા સંભળાવી છે. ફેનિલને મૃત્યુદંડની સજા કરી છે. બેને મારી નાખવાના પ્રયાસના કેસમાં પણ સજા ફટકારી છે. ભોગ બનનારને વળતર મળે એવી પણ પ્રક્રિયા કરી છે.

ગત ૨૨મીએ આખો દિવસ દલીલો ચાલી હતી, જેમાં સરકારી વકીલે દલીલ કરતાં કહ્યું હતું કે અમારો કેસ માત્ર વીડિયો પર આધારિત નથી. આરોપી ક્રિમિનલ માનસિકતા ધરાવતો હતો અને ગણતરીપૂર્વકની તેણે હત્યા કરી છે. આરોપી ચપ્પુ ખરીદવા માટે ઓનલાઈન ફ્લિપકાર્ટ દ્વારા ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર કેન્સલ થયા બાદ તેણે મોલમાંથી ચપ્પુ ખરીદ્યું હતું અને બીજું ચપ્પુ તેના મિત્ર પાસેથી ખરીદ્યું હતું. હત્યારાએ હત્યા કરતાં પહેલાં



રેકી પણ કરી હતી. ગુનાના દિવસે તે ગ્રીષ્માની કોલેજમાં તેને શોધવા ગયો હતો. ગ્રીષ્માની મિત્ર ધૃતિને તેણે કહ્યું હતું કે આજે ગ્રીષ્માના ઘરે જઈને કંઈક મોટું કરવાનો છું અને ત્યાર પછી તેણે કહ્યું કે ના હોય તો વાત કરવા જવાનો છું. બનાવ પહેલાં ક્રિષ્ના સાથે તેણે ઈન્સ્ટાગ્રામ પર વાત કરી હતી, જેમાં પણ તેની હત્યા કરવાનો હોય એવું માલૂમ પડે છે. દરેક વાલિયો વાલ્મીકિ બની શકતો નથી. ભય વિના પ્રિત ન થાય. આરોપીને સખતમાં સખત સજા કરવામાં આવે છે. માત્ર ગ્રીષ્માની જ હત્યા નહીં, કાકા અને ભાઈ ધ્રુવની પણ હત્યાનો પ્રયાસ કર્યો હતો.

બચાવ પક્ષે જણાવ્યું હતું કે, લાડુ માગતો એટલે લટકાવી દો, વેબસિરીઝ જોતો એટલે લટકાવી દો. આવી લાંબી દલીલ કરીને વધુ માર્ક્સ મેળવવાનો પ્રયાસ કરાયો છે. જેને ચાલવાનું ભાન ન હોય તે લાડું કેવીરીતે માગે અને ઈનોવા ચોરીમાં ક્યાં એ આરોપી પુરવાર થયો છે. એને પસ્તાવો નથી એવું કહેવામાં આવ્યું એ કોની સામે પસ્તાવો વ્યક્ત કરે. એને પસ્તાવો નથી એવું કેવી રીતે માની લીધું. છરીના ઘામાં સહાનુભૂતિ નથી મેળવી જે ઘા માર્યા તેમાં નસો કપાઈ ગઈ હતી. લિમિટ બહારનું રિપ્રેઝન્ટ કરવામાં આવ્યું છે. આને જો સજા નહીં થાય તો સમાજમાં કોઈ સ્ત્રી સુરક્ષિત રહેશે નહી? કેવી રીતે કહેવામાં આવ્યું. કાયદા કડક કરવાનાં સજા વધારવાના આ ફક્ત પોલિટિક્સ કમ્પઝેશન છે. જ્યાં કેપિટલ પનિસમેન્ટ છે ત્યાં ગુનાખોરી ઘટી જતી નથી. વાલિયો વાલ્મીકિ બનશે તેવું તો એને છૂટો મુકો તો જ ખબર પડશે. આ કોઈ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ નથી. ક્રિમિનલોની સંગતમાં ફરતો હોય એવો આ છોકરો નથી. હું બે હાથ જોડીને કહું છું કે ઓછામાં ઓછી સજા કરો. આ કંઈ બહાર આવીને ખૂંખાર આરોપી બની જવાનો નથી.સત્ર ન્યાયાધીશ વિમલ કે. વ્યાસની કોર્ટમાં ચાલી રહેલા ગ્રીષ્મા હત્યા કેસમાં પુરાવારૂપે વીડિયોએ સૌથી મહત્વનો ભાગ ભજવ્યો હોવાનું બહાર આવ્યું હતું. ગ્રીષ્માની હત્યા સમયનો જે વીડિયો જોઈને લોકો કહેતા હતા કે કોઈ બચાવવા કેમ ન આવ્યું, એ વીડિયો જ આરોપી માટે ગાળિયારૂપ સાબિત થઈ ગયો છે.સુરતમાં કામરેજના પાસોદરામાં ગત ૧૨ ફેબ્રુઆરીના રોજ ગ્રીષ્મા વેકરિયાની એકતરફી પ્રેમમાં પાગલ ફેનિલ ગોયાણીએ ગળું કાપી ઘાતકી હત્યા કરી હતી.

# બસપાને માયાવતીએ ભાજપને વેચી મારી છે : ચંદ્રશેખર આઝાદ

પલામુ,તા.૫

ઝારખંડના પલામુ આવેલ ભીમ આર્મી પ્રમુખ ચંદ્રશેખર આઝાદે મોટું નિવેદન આપતાં સીધી રીતે બહુજન સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ પર પ્રહારો કર્યા અને કહ્યું કે તેમણે બહસપાને ભાજપને વેચી મારી છે એ યાદ રહે કે ચંદ્રશેખર યુપી વિધાનસભા ચુંટણીમાં ગોરખપુરથી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની વિરૂધ્ધ ચુંટણી લડયા હતાં પરંતુ તેમનો પરાજય થયો હતો.

ચંદ્રશેખર અહીં એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવ્યા હતાં મેદિનીનગરમાં તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે માયાવતીની ચાલ ઢાલથી બાબા સાહેબ ડો.ભીમરાવ આંબેડકરના આદર્શોને ખુબ નુકસાન પહોંચ્યું છે જેને અમે વિખેરવા દઈશું નહીં તેમણે કહ્યું કે માયાવતી ખુદને,પોતાના ભાઇ ભત્રીજા અને સંપત્તિને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપની સામે આત્મસમર્પણ કરી દીધુ છે

ભીમ આર્મી પ્રમુખે કહ્યું કે માયાવતીનો આ દલિત સમાજની સાથે વિશ્વાસઘાત છે અને અમે તેને બિલકુલ સહન કરીશું નહીં તેમણે કહ્યુ કે માયાવતીના ઘુંટણીએ ટેકવાથી આજે દેશના દરેક બે લાખ રૂપિયાના વિદેશી કર્જદાર છે તેમણે કહ્યું કે દેશમાં ફાંસીવાદી શક્તિઓનો મુકાબલો કરી શકાય છે અને તેના માટે ભીમ આર્મી પોતાના દલિત સમુદાયને એક કરવાનું અભિયાન ચલાવી રહ્યું છે.

ચંદ્રશેખરે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના સંબંધમાં એક સવાલના જવાબમાં કહ્યું કે યુપીએની સત્તા હોય કે એનડીએની બંન્ને સરકારો બહુજન સમાજ એટલે કે દલિતોને દબાવવા માટે જ છે આને સહન કરવામાં આવશે નહીં તેમણે કહ્યું કે લાતેહારમાં તેમની ભીમ આર્મીના જીલ્લાધ્યક્ષ જગજીવન રામની પોલીસે ધરપકડ કરી જેથી અમારો કાર્યક્રમ નિષ્ફળ રહે આ જનતાંત્રિકોની વિરૂધ્ધ છે અને તેની વિરૂધ્ધ સંઘર્ષ ચાલુ રહેશે ભાજપ સહિત તમામ પાર્ટીઓ બહુજન સમાજની વિરૂધ્ધ છે અને અમે આંબેડકરના આદર્શો હેઠળ દલિત ચેતનનાનું કામ જીવીશું ત્યાં સુધી કરતા રહીશું

# વડાપ્રધાન મોદી જયારે પોતાના હાથથી દેશનું સુકાન આપશે ત્યારે યોગી સંભાળશે : મુખ્યમંત્રી યોગીની બહેન

પંચુર,તા.૫

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉત્તરાખંડ ખાતે આવેલા પોતાના પૈતૃક ગામમાં પહોંચ્યા હતાં અહીં તેઓ બે દિવસ પસાર કરશે.મુખ્યમંત્રીએ ગામ પહોંચતા પહેલા પોતાની માતાના આશીર્વાદ લીધા હતાં ત્યારબાદ સમગ્ર ગામવાળાઓને મળ્યા હતાં ગામમાં ઉજવણીનો માહોલ હતો અને મુખ્યમંત્રી યોગીના નાનાભાઇના પુત્રની મુંડન સંસ્કાર કરવામાં આવ્યા હતાં.

આ બધાની વચ્ચે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની બેન શશિએ મોટું નિવેદન આપ્યું છે.મુખ્યમંત્રી યોગીથી જોડાયેલ એક સવાલના જવાબમાં શશિએ કહ્યું કે વડાપ્રધાનજી જયારે પોતાના હાથે દેશનું સુકાન આપશે તો તે (યોગી) સંભાળશે.બેને કહ્યું કે બધા લોકો ખુબ ખુશ છે દરેક કોઇ આવી તેમને મળી રહ્યું છે અને તેમના આશીર્વાદ લઇ રહ્યાં છે. બાળપણની યાદો પર બેન શશિએ કહ્યું કે મુખ્યમંત્રી અમારી સાથે સ્કુલ આવતા હતાં અમારી સાથે ૨૧ વર્ષ સુધી રહ્યાં બાળપણની યાદો તો બુઢાપા સુધી રહેશે

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પ્રશંસા કરતા બેન શશિએ કહ્યું કે અમને સારૂ લાગે છે જયારે યુપીથી આવનાર દરેક કોઇ તેમના ગુણગાણ ગાય છે બધા કહે છે કે આવા મુખ્યમંત્રી કોઇ નથી તે (મુખ્યમંત્રી યોગી) પોતાના સુધી સીમિત નથી.

તેમને પોતાના આરોગ્યની કોઇ ફિકર રહેતીી નથી તે જનતાની સેવામાં લાગેલા રહે છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ભવિષ્યના સવાલ પર બેન શશિએ કહ્યું કે આ તો ભગવાનની મરજી તે પોતાની





મહેનત કરી રહ્યાં છે અને આગળ વધી રહ્યાં છે.બાકી આપણા વડાપ્રધાન છે જયારે તે પોતાના હાથથી તેમને મુખ્યમંત્રી યોગીને પોતાનો કાર્યકાળ આપશે ત્યારે તે સંભાળશે માતા અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની મુલાકાત પર શશિએ કહ્યું કે યોગીજીની માતાજીથી વાત થઇ માતાજીએ કહ્યું કે સૌથી પહેલા ગૌ સેવા છે અને જનતાની સેવા તો એટલી કરો કે જનતા યાદ જ કરતી રહે.કહેવાય છે કે છેલ્લા ૨૮ વર્ષમાં આ પહેલો પ્રસંગ છે જયારે યોગી આદિત્યનાથ કોઇ સત્તાવાર પ્રવાસ પર નથી પરંતુ પોતાના કોઇ પારિવારિક કાર્યક્રમમાં ભાગ લીધો હોય આ પહેલા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મંગળવારે પોતાના ગૃહ જનપથ પૌડીના યમકેશ્વર વિસ્તારની એક કોલેજમાં પોતાના આધ્યાત્મિક ગુરૂ મહંત એવૈદ્યનાથની મૂર્તિનું અનાવરણ કર્યું હતું.

# ચોમાસા પૂર્વે વાવાઝોડાનો ખતરો : ઉત્તર ભારતમાં હવામાન પલ્ટો : ૧૦ના મોત

નવીદિલ્હી,તા.૫

કાળઝાળ ગરમી અને હીટવેવની સ્થિતિ પછી છેલ્લા બે દિવસથી દેશના અનેક ભાગોમાં હવામાન પલ્ટો થવા સાથે વરસાદ નોધાયો છે ત્યારે હવે ઓડિશા પર વાવાઝોડાનો ખતરો ઉભો થયો છે જેનાથી અનેક રાજ્યોમાં હવામાન પલ્ટાની શક્યતા છે. બીજી તરફ ઉતરપ્રદેશ, હરિયાણા, હિમાચલમાં તોફાની પવન સાથેના વરસાદથી અનેકવિધ દુર્ઘટનાઓ સર્જાતા ૧૦ લોકોના મોત નિપજ્યા હતા.કેટલાક દિવસોથી હીટવેવની સ્થિતિ બાદ ઉતર ભારતમાં વરસાદી માહોલ સર્જાતા ગરમીમાંથી રાહત મળી હતી. તાપમાનનો પારો પણ નીચો આવ્યો હતો. હવામાન વિભાગે એમ કહ્યું છે કે એકાદ સપ્તાહ સુધી આ પ્રકારની રાહત મળતી રહેશે. જો કે, ઉતરપ્રદેશ હરિયાણા અને હિમાચલમા આ હવામાન પલ્ટાથી ૧૦ લોકોનો ભોગ લેવાયો છે. હવામાન વિભાગે ઉતરપ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચીમ બંગાળ, તેલંગાણા, ઓડિશા, સિક્કીમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ અને ઉતર-પૂર્વના અન્ય રાજયોમાં વરસાદની શક્યતા દર્શાવી છે.હવામાન વિભાગે રિપોર્ટમાં તેમ પણ કહ્યું છે કે દક્ષિણ આંદામાનના સમુદ્રમાં આજે આવતીકાલે લો પ્રેસર સર્જાવાની શક્યતા છે અને તે ઉતર પશ્ચીમી દિશામાં આગળ વધીને ડિપ્રેશનમાં પરિવર્તિત થવાની શક્યતા છે. જો કે આ વાવાઝોડામાં પરિવર્તિત થશે કે કેમ તેમ કહેવાનું અત્યારે વહેલુ ગણાશે છતાં તે વાવાઝોડામાં રુપાંતર થાય તો ‘અસાની‘ નામ આપવામાં આવશે. ઓડિશાના દરિયાકાંઠે તે ટકરાઇ શકે છે. વાવાઝોડુ ઉત્પન્ન થાય તો ચોમાસા પૂર્વે સળંગ ત્રીજા વર્ષે વાવાઝોડાની ઉત્પતિ થશે.વાવાઝોડુ ઉદભવવાના સંજોગોમાં પશ્ચીમ બંગાળ, સિક્કીમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ જેવા રાજ્યોને અસર થઇ શકે છે અને તોફાની પવન સાથે ભારે વરસાદની શક્યતા રહે છે. હવામાન વિભાગ દ્વારા આંદામાનના દરિયાની સિસ્ટમ પર સતત વોચ રાખવામાં આવી રહી છે અને યોગ્ય સમયે તે વિશેની આગાહી અને ચેતવણી જાહેર કરવામાં આવશે તેમ હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું હતું. બીજી તરફ ઓડિશા સરકારે પણ જાહેર કર્યું છે કે ઓડિશાના કાંઠે વાવાઝોડું આવે તો કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયારી છે.અત્યારથી જ પૂર્વ તૈયારી શરુ કરી દેવામાં આવી છે.

# નરેન્દ્ર મોદી ૧૬ મેના રોજ નેપાળ જશે! ભગવાન બુદ્ધના જન્મસ્થળ લુમ્બીની પણ જશે

નવીદિલ્હી,તા.૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ મેના રોજ નેપાળની ટૂંકી મુલાકાત લેશે જે દરમિયાન તેઓ ભગવાન બુદ્ધના જન્મસ્થળ લુમ્બિનીની મુલાકાત લેશે. નેપાળના વડા પ્રધાનના પ્રેસ સલાહકાર અનિલ પરિયારના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન મોદી તેમના નેપાળના સમકક્ષ શેર બહાદુર દેઉબાના આમંત્રણ પર હિમાલયની મુલાકાત લેશે.વડા પ્રધાન મોદી બુદ્ધ પૂર્ણિમાના અવસર પર તેમની એક કલાકની મુલાકાત દરમિયાન પશ્ચિમ નેપાળમાં લુમ્બિનીની મુલાકાત લેશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે બુદ્ધ પૂર્ણિમાને ભગવાન બુદ્ધની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૯માં બીજી વખત ચૂંટાયા બાદ વડાપ્રધાન મોદીની નેપાળની આ પ્રથમ મુલાકાત હશે. આ કાર્યક્રમમાં મોદીની સાથે નેપાળના વડાપ્રધાન દેઉબા પણ હાજરી આપશે. જોકે, ભારતના વિદેશ મંત્રાલયે હજુ સુધી વડાપ્રધાન મોદીની નેપાળ મુલાકાત અંગે સત્તાવાર જાહેરાત કરી નથી.ઉલ્લેખનીય છે કે હાલ વડાપ્રધાન યુરોપના ૩ દેશના પ્રવાસે છે ડેનમાર્ક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે પેરિસ પહોંચ્યા હતા.

# લાઉડસ્પીકર વગર સવારની અઝાન થશે : મસ્જિદોના ધર્મગુરુઓનો નિર્ણય

મુંબઇ,તા.૫

છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્રમાં ધાર્મિક સ્થળો પર લાઉડસ્પીકર લગાવવાના મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ વચ્ચે મુસ્લિમ ધર્મગુરુઓએ મોટો નિર્ણય લીધો છે. ૨૬ મસ્જિદોના ધર્મગુરુઓએ એક બેઠક કરીને નિર્ણય લીધો છે કે હવે સવારની નમાજ લાઉડ સ્પીકર પર નહીં થાય. રાજ ઠાકરેએ મસ્જિદોમાં અઝાન અંગે ચેતવણી આપી હતી, બુધવારે મોડી રાત્રે દક્ષિણ મુંબઈમાં મુસ્લિમ ધર્મગુરુઓની બેઠક યોજાઈ હતી.

બુધવારે મોડી રાત્રે દક્ષિણ મુંબઈની લગભગ ૨૬ મસ્જિદોના ધર્મગુરુઓની બેઠક મળી હતી. બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે લાઉડસ્પીકર વગર સવારની અઝાન આપવામાં આવશે. આ બેઠક વિસ્તારની ‘સુન્ની મોટી મસ્જિદ’ ખાતે યોજાઈ હતી, જેમાં ભાયખલાના મદનપુરા, નાગપાડા અને આગ્રીપાડા વિસ્તારના મુસ્લિમ ધર્મગુરુઓ ભેગા થયા હતા.

બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે કોર્ટના નિર્ણય અનુસાર આ વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી લાઉડસ્પીકર પર અજાન નહીં આપવામાં આવે. આ પછી મુંબઈની પ્રખ્યાત મિનારા મસ્જિદમાં લાઉડસ્પીકર વિના સવારની અઝાન આપવામાં આવી હતી.

હકીકતમાં, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પાર્ટીના વડા રાજ ઠાકરેએ મહારાષ્ટ્ર સરકારને ચેતવણી આપી હતી કે જો ૪ મેથી મસ્જિદોની બહાર અઝાન થશે તો હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવશે. આ પહેલા રાજ ઠાકરેએ પણ ઔરંગાબાદમાં પોતાના ભાષણ દરમિયાન લાઉડસ્પીકર વિવાદ અંગે ચેતવણી આપી હતી. આ મામલામાં તેમની સામે ઔરંગાબાદમાં એફઆઈઆર પણ નોંધવામાં આવી હતી, જેમાં તેમના પર ભડકાઉ ભાષણ કરવાનો આરોપ હતો.

આ વિવાદ પર મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન દિલીપ વાલ્સે પાટીલે કહ્યું હતું કે સરકાર ટૂંક સમયમાં અજાન સંબંધિત માર્ગદર્શિકા બહાર પાડશે. પોલીસ મહાનિર્દેશક અને મુંબઈ પોલીસ કમિશનરને લાઉડસ્પીકર અંગે સંયુક્ત નીતિ ઘડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રના ડીજીપીએ પોલીસને લાઉડસ્પીકર અંગે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અને કાયદાનું કડકપણે પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન છે કે રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ ન કરવો જોઈએ. જો કે, તે ઓડિટોરિયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનિટી અને બેક્વેટ હોલ જેવા બંધ સ્થળોએ રમી શકાય છે.

# કોલસાના સંકટ વચ્ચે રેલવેએ ૨૪ મે સુધી ૧૧૦૦ ટ્રેનો કરી રદ

નવીદિલ્હી,તા.૫

દેશમાં કોલસાના સંકટને જોતાં રેલવે દ્વારા સતત પગલા ભરવામાં આવી રહ્યાં છે.

કોલસાના રેકના પરિવહન માટે રેલવેએ અત્યાર સુધીમાં ઘણી ટ્રેનો રદ કરી છે. હવે ફરી એકવાર રેલવેએ ૧૧૦૦ ટ્રેનો રદ કરી છે. આ ટ્રેનોમાં મેલ એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોનો સમાવેશ થાય છે. મે મહિનામાં કોલસાના કારણે વીજળીની કટોકટી વધવાની આશંકા છે, જેના કારણે કોલ રેક ટ્રેનો માટે પેસેન્જર ટ્રેનો રદ કરવામાં આવી રહી છે.

૨૪ મે સુધી ઓછામાં ઓછી ૧૧૦૦ ટ્રેનો રદ રહેશે. જેમાં મેલ એક્સપ્રેસ ટ્રેનોની ૫૦૦ ટ્રીપ્સ, જયારે પેસેન્જર ટ્રેનોની ૫૮૦ ટ્રીપ્સનો સમાવેશ થાય છે. કહેવાય છે કે, આ ટ્રેનોને એટલા માટે રદ કરવામાં આવી છે જેથી થર્મલ પાવર પ્લાન્ટને સપ્લાય કરવામાં આવતી કોલસાથી ભરેલી માલગાડીઓને સરળતાથી રસ્તો આપી શકાય, જેથી કોલસો સમયસર પહોંચી શકે.

## તંત્રી સ્થાનેથી...

# ખુશામતખોરીનુ પણ એક વિજ્ઞાન છે

પ્રસંશા તો ઈશ્વરને પણ પ્યારી છે એવું જ્યારે પહેલી વાર કહેવાયું હશે ત્યારે ઈશ્વરને ઘણું ખરાબ લાગ્યું હશે, કારણ કે પ્રસંશા સૌને ગમતી હોય છે, પરંતુ એ કબૂલ કરવાનું કોઈને નથી ગમતું. ઈશ્વરને પણ નહીં જ ગમ્યું હોય. કોઈ આપણી પ્રસંશા કરે તો આપણને એમાં કોઈ બટશટ પસંદ નથી હોતા. બસ, આપણા વખાણ થાય એટલે આપણે ખુશ. કોઈએ શા માટે આપણી પ્રસંશા કરી અને એની પ્રસંશામાં કોઈ દમ હતો કે નહીં એ વિચારવાનું આપણને ન ગમે. આથી તો મુશાયરામાં વાહ વાહ કરીને દાદ આપવાની પ્રથા છે. કવિતા ગમે એવી હોય, ગઝલ ગમે એવી હોય, વાહ વાહ કરવાની જ હોય. આથી નબળાસબળા બંને પ્રકારના કવિઓનો ઉત્સાહ જળવાઈ રહે.

પ્રસંશા સૌને ગમતી હોય છે એથી તો સૌ પ્રસંશાનું મહત્ત્વ સમજે છે. આજે સમાજના દરેક મુકામ પર, નોકરી ધંધામાં કે અન્ય પ્રકારના સામાજિક સંબંધોમાં પ્રસંશાની બોલબાલા છે. પ્રસંશા તો સારો શબ્દ છે, પરંતુ એનો અતિરેક થાય ત્યારે એ ચમચાગીરી અને ખુશામતખોરી બની જતી હોય છે. મજાની વાત એ છે કે ચમચાગીરીમાં વ્યક્તિની અવાસ્તવિક રીતે પ્રસંશા કરવામાં આવતી હોવા છતાં વ્યક્તિને એ સાંભળવાનું ગમતું હોય છે. પોતે કોઈની ખોટી પ્રસંશા કરવા માટે જે શબ્દ વાપર્યા હોય એ જ શબ્દો વાપરીને અન્ય કોઈ એ વ્યક્તિની પ્રસંશા કરે ત્યારે પણ એને એ સાંભળવાનું ગમતું હોય છે. એ વ્યક્તિ એમ નથી વિચારતી કે આ ભાઈ પણ મારી જેમ મસકાબાજી કરી રહ્યા છે. પ્રસંશા ચીજ જ એવી છે.

માણસના સ્વભાવની એક વક્રતા જૂઓ. નોર્મલ સંજોગોમાં માણસને બીજા કોઈ માણસની કોઈ જ ચીજ સારી નથી લાગતી. તમારો મિત્ર નવી કાર ખરીદે કે પડોશી નવુ ટીવી ખરીદે એ તમને જરાય ન ગમે. તમારો બોસ મોંઘોદાટ સૂટ પહેરે તો એમાં એ તમને જોકર જેવો જ દેખાવાનો અને તમારો સાઢુભાઈ નવું મકાન ખરીદે તો તમારું પહેલું રિએક્શન એ જ હશે કે આવા વિસ્તારમાં ઘર ન લેવાય.

આમ છતાં સામેની વ્યક્તિ પાસેથી જો તમારે કોઈ ફેવર લેવાની હોય, એની પાસેથી કોઈ કામ કઢાવવાનું હોય તો તમારા અભિપ્રાય રાતોરાત બદલાઈ જાય. પ્રસંશા અને ખુશામતખોરી વચ્ચે આ ફરક છે. અને અહીં જ ખુશામતખોરીની ઉપોયગીતા છૂપાયેલી છે. આ જગતમાં તમારે ડગલેને પગલે અન્ય લોકોની ફેવર લેવાની જરૂર પડતી હોય છે પડોસી કે પરીચિતો પાસે કામ કઢાવવાના હોય, નોકરીમાં તરક્કી મેળવવાની હોય, ધંધામાં વધુ માલ વેચીને ઝડપથી પેમેન્ટ મેળવવાની ઈચ્છા હોય. આ બધુ રાબેતા મુજબ થઈ શકે, પરંતુ એમાં જો ખુશામતખોરીનું મિશ્રણ છાંટવામાં આવે તો તમારું કામ વધુ ઝડપથી અથવા વધુ સરળતાથી થાય. અથવા તો લોકોની એવી માન્યતા છે. તમે કોઈને ખુશ કરો એ એને ગમે એટલે એની સામે એ તમને ફેવર કરે એવું મોટે ભાગે બનતું હોય છે, પરંતુ ખુશામતખોરીની આ રમત આપણે ધારીએ છીએ એટલી સરળ નથી હોતી. જો તમે ખોટી પ્રસંશા કરતાં પકડાઈ ગયા તો ગયા કામથી. તમે ઓફિસમાં જઈને બોસને સીધુ એમ ન કહી શકો કે બોસ, યુ આર ગ્રેટેસ્ટ મેન ઓન ધીસ અર્થ. આવી અતિશયોક્તિભરી અને વાહિયાત પ્રસંશા કરો એટલે બોસ સમજી જ જાય કે તમને કોઈ ફેવર જોઈએ છે અને એ માટે તમે એની ખોટી પ્રસંશા કરી રહ્યા છે. આ રીતે બોસને એમ લાગે કે તમે એને મૂર્ખ બનાવી રહ્યા છો. એક વાત સમજી લો કે ગમે એવા ઉલ્લુના પઠ્ઠાને પણ એ વાત જરાય પસંદ નથી આવતી કે કોઈ એને ઉલ્લુ બનાવે. લોકો જોકે હવે સ્માર્ટ થઈ ગયા છે. ખુશામતખોરીને વાસ્તવિક પ્રસંશાના વાઘા પહેરાવીને સામી વ્યક્તિને ખુશ કરવાની કળા લોકો શીખી ગયા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ ક્ષેત્રે સારી એવી પ્રગતિ થઈ છે.

# સોનાના વાયદો રૂ.૬૬૯ અને ચાંદીનો વાયદો રૂ.૧,૪૬૧ ઊછળ્યોઃ ક્રૂડ તેલમાં રૂ.૪૪ની વૃદ્ધિ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૭,૦૬૧ સોદાઓમાં કુલ રૂ.૧૮,૨૫૮.૫૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના મે વાયદામાં ૧૭૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૩,૧૧૮ સોદાઓમાં કુલ રૂ.૬,૪૧૭.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૯૨૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૩૫૦ અને નીચામાં રૂ.૫૦,૯૨૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૬૯ વધી રૂ.૫૧,૨૭૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૧૫ વધી રૂ.૪૧,૦૮૧ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૨ વધી રૂ.૫,૧૧૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૬૯૯ના ભાવે ખૂલી, રૂ.૮૩૬ વધી રૂ.૫૧,૬૭૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૩,૨૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૨૬૬ અને નીચામાં રૂ.૬૩,૦૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૪૬૧ વધી રૂ.૬૩,૧૨૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ. ૧૨૭૫ વધી રૂ.૬૩,૭૪૮ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૬૯ વધી રૂ.૬૩,૭૫૬ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૬૪૫ સોદાઓમાં રૂ.૧,૫૦૦.૬૬ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૦૫ ઘટી રૂ.૨૪૫.૯૦ અને જસત મે વાયદો રૂ.૦.૫૫ ઘટી રૂ.૩૩૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૮૦ વધી રૂ.૭૬૮.૨૫ અને નિકલ મે કોન્ટ્રેક્ટ રૂ.૩૯.૬ ઘટી રૂ.૨,૩૩૬.૪૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૮૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૫,૭૭૩ સોદાઓમાં કુલ રૂ.૪,૬૩૧.૦૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૨૨૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૩૦૦ અને નીચામાં રૂ.૮,૧૯૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૪૪ વધી રૂ.૮,૨૬૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩૦ ઘટી રૂ.૬૩૭.૭૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૨૪ સોદાઓમાં રૂ.૯૨.૭૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૬,૪૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬,૮૭૦ અને નીચામાં રૂ.૪૬,૪૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૨૦ વધી રૂ.૪૬,૬૬૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર મે કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૩૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૮૩ ઘટી રૂ.૧૭૨૬૭ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૯૦ વધી રૂ.૧૦૭૬.૫૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૫૯૮ સોદાઓમાં રૂ.૩,૬૩૨.૩૮ કરોડનાં ૭,૦૮૮.૦૪૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૭૫,૫૨૦ સોદાઓમાં કુલ રૂ.૨,૭૮૫.૧૩ કરોડનાં ૪૩૫.૫૯૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫,૩૪૦ સોદાઓમાં રૂ.૧,૪૧૪.૪૦ કરોડનાં ૧૭,૧૭,૦૦૦ બેરલ અને

### રબરના વાયદામાં નરમાઈનો માહોલઃ મેન્થા તેલ, કોટનના વાયદાના ભાવમાં સુધારોઃ બુલડેક્સ વાયદામાં ૧૭૫ પોઈન્ટની મૂવમેન્ટ

નેચરલ ગેસના વાયદાઓમાં ૩૦,૪૩૩ સોદાઓમાં રૂ.૩,૨૧૭ કરોડનાં ૪૯૫૫૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૬૧૩ સોદાઓમાં રૂ.૮૨.૨૯ કરોડનાં ૧૭૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૦૮ સોદાઓમાં રૂ.૧૦.૪૦ કરોડનાં ૯૬.૪૮ ટન, રબરના વાયદાઓમાં ૩ સોદાઓમાં રૂ.૦.૦૫ કરોડનાં ૩ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૨૧૧.૩૬૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૭૯.૯૨૬ ટન, ક્રૂડ તેલમાં ૭૩૯૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૧૫૧૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૦૦૯૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૧.૯૬ ટન, રબરમાં ૨ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં ૮૮૯ સોદાઓમાં રૂ.૮૨.૦૨ કરોડનાં ૧,૧૧૭ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૧૨૮ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૪,૫૪૫ના સ્તરે ખૂલી, ૧૭૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૨૧ પોઈન્ટ વધી ૧૪,૬૮૨ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૭૮૧૨ સોદાઓમાં રૂ.૫,૫૩૪.૬૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૦૨.૦૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૬.૪૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૫૩૮.૨૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૦૧૭.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૫૯.૯૮ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૨૧ અને નીચામાં રૂ.૩૪૦ રહી, અંતે રૂ.૧૧૦ વધી રૂ.૪૧૧ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૨ અને નીચામાં રૂ.૨૭૭ રહી, અંતે રૂ.૧૨.૩૦ વધી રૂ.૩૩૨.૪૦ થયો હતો. સોનું મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૯ અને નીચામાં રૂ.૩૦૦.૫૦ રહી, અંતે રૂ.૧૦૬ વધી રૂ.૩૫૩ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું-મિની મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૨૦ અને નીચામાં રૂ.૪૬૦ રહી, અંતે રૂ.૩૧૭ ઘટી રૂ.૫૨૨.૫૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૨ ખૂલી, ઊપરમાં રૂ.૨૫૧.૪૦ અને નીચામાં રૂ.૨૧૫.૧૦ રહી, અંતે રૂ.૨૧.૯૦ ઘટી રૂ.૨૨૫.૫૦ થયો હતો. નેચરલ ગેસ મે રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૬.૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૪.૬૫ અને નીચામાં રૂ.૨૫.૬૦ રહી, અંતે રૂ.૨.૩૦ વધી રૂ.૩૩.૩૫ થયો હતો.

# કોરોનાનાં ગત ૨૪ કલાકમાં ૩ હજારથી વધુ કેસ, ૫૫નાં મોત

નવીદિલ્હી,તા.૫

કોરોના વાયરસનાં સંક્રમણની રફતાર ફરીથી વધવા લાગી છે. ગત ૨૪ કલાક દરમિયાન દેશ આખામાં કોરોનાનાં ૩૨૭૫ નવાં કેસીસ મળ્યાં છે. જ્યારે આ દરમિયાન ૫૫ દર્દીઓનાં મોત થઇ ગયા છે. ભારતમાં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૨૦ હજારની નજીક પહોંચી ગઇ છે. બુધવારની સરખામણીએ કોરોનાનાં કેસીસ ૨.૨ ટકાથી વધુ છે.

સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, કોરોનાનાં સૌથી વધુ કેસ દિલ્હીમાં સામે આવ્યાં છે. દિલ્હીમાં ૧૩૫૪ નવાં સંક્રમણ મળ્યાં છે. હરિયાણામાં ૫૭૧, કેરળમાં ૩૮૬, ઉત્તર પ્રદેશણાં ૧૯૮, મહારાષ્ટ્રમાં ૧૮૮ કોરોનાનાં કેસ મળ્યાં છે. રિક્વરી રેટની વાત કરીએ તો, હાલમાં ભારતમાં રિક્વરી રેટ ૯૮.૭૪ ટકા છે. તો ગત ૨૪ કલાકમાં ૩૦૧૦ લોકો કોરોનાથી સ્વસ્થ થઇ ચુક્યાં ચે. આ ઉપરાંત ગત ૨૪ કલાકમાં ૩ લાખ ૨૭ હજાર ટેસ્ટ કરવામાં આવ્યાં છે.

આ સમયે ભારતમાં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૧૯ હજાર ૭૧૯ છે ઉપરાંત સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યુ કે, દેશમાં અત્યાર સુધીમાં ૧૮૯ કોરડથી વધુ લોકો વેક્સીન લઇ ચુક્યાં છે. ગત બુધવારે ૧૩ લાખ ૯૮ હજારથી વધુ લોકોએ વેક્સીન લગાવી છે.

દિલ્હીમાં કોરોના વાયરસના ચેપના ૧,૩૫૪ નવા કેસ નોંધાયા હતા અને રોગચાળાને કારણે વધુ એક દર્દીનું મોત નીપજ્યું હતું જ્યારે ચેપ દર ૭.૬૪ ટકા હતો. કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા વધીને ૧૮,૮૮,૪૦૪ થઈ હતી જેમાં નવા કેસ નોંધાયા હતા. બુધવારે જ્યારે મૃતકોની સંખ્યા ૨૬,૧૭૭ પર પહોંચી ગઈ છે. મળતી માહિતી મુજબ હવે શહેરમાં સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ૫,૮૫૩ છે. હાલમાં કોવિડ-૧૯ના ૧૮૦ દર્દીઓ દિલ્હીની વિવિધ હોસ્પિટલમાં દાખલ છે.

પ્રાંતીય રાજધાની જયપુરમાં બુધવારે કોરોના વાયરસના ચેપને કારણે એક દર્દીનું મોત થયું હતું. રાજયમાં અત્યાર સુધીમાં આ જીવલેણ ચેપથી મૃત્યુઆંક ૯,૫૫૩ પર પહોંચી ગયો છે. તે જ સમયે, રાજયમાં આજે ૬૩ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થયાની પુષ્ટિ થઈ છે. બુધવારે રાજયમાં મળી આવેલા ૬૩ નવા સંક્રમિત દર્દીઓમાંથી રાજધાની જયપુરમાં ૪૮, ધોલપુરમાં ૭, અલવર-ઉદયપુરમાં ૨-૨ અને અજમેર-ભીલવાડા-જોધપુર-સીકરમાં એક-એક દર્દીઓ મળી આવ્યા છે.

# વર્ષ ૨૦૨૦માં ૪૮ લાખ બાળકોનો જન્મ તબીબી દેખરેખ અને સુવિધા વિના થયો

નવીદિલ્હી તા.૫

દેશમાં આજે પણ લાખો લોકોને જન્મ તેમજ મૃત્યુ જેવા ઈમરજન્સીના સમયે તબીબી સારસંભાળ નથી મળતી. ભારતના રજીસ્ટર્ડ કાર્યાલય તરફથી જાહેર તાજેતરના આંકડાથી આ વાતની પુષ્ટિ થઈ છે. જન્મ અને મૃત્યુની ક્ષણો સૌથી મુશ્કેલ, મહત્વની અને કટોકટીભરી હોય છે. જન્મ સમયે મેડીકલ સેવા મળવાથી જ્યાં માતૃ તેમજ શિશુ મૃત્યુ દરમાં કમી લાવવી સંભવ છે તેમ અંતિમ સમયે તબીબી સારસંભાળથી વૃદ્ધાવસ્થાથી થતા મોતને ટાળી શકાય છે.

સિવિલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (સીઆરએસ) ના આંકડા અનુસાર ૨૦૨૦માં કુલ ૨.૪૨ કરોડ બાળકોના જન્મ થયા હતા. જેમાંથી ૭૬.૭ ટકાનો જન્મ હોસ્પીટલ કે સ્વાસ્થ્ય કેન્દ્રમાં થયો હતા. ૬.૫ ટકા બાળકોનો જન્મ સ્વાસ્થ્ય કેન્દ્રોમાં નહોતો થયો પરંતુ તેમનો જન્મ ડોકટર, નર્સ કે દાયણની દેખરેખ હેઠળ થયો હતો.૮૦ ટકા બાળકોનો જન્મ જ તબીબી દેખરેખ હેઠળ થયોઃ આંકડા અનુસાર વર્ષ ૨૦૨૦માં ૧૧.૩ ટકા પ્રસુતિ બિનતાલીમી દાયણ દ્વારા થઈ હતી. ૮.૪ ટકા કિસ્સામાં પ્રસૂતિ કેવી રીતે થઈ તેની કોઈ જાણકારી નહોતી મળી શકી. મોટેભાગે ૮૦ ટકા બાળકોનો જન્મ હોસ્પિટલોમાં કે તબીબી દેખરેખ હેઠળ થયો હતો. ૨૦ ટકા મતલબ ૪૮ લાખ બાળકોનો જન્મ લગભગ બિનતબીબી કે કોઈ તબીબી સહાય વિના થયો હતો. જનરલ રજીસ્ટર કાર્યાલય અનુસાર ૩૪ રાજયોમાંથી આંકડા લેવામાં આવ્યા છે.

મૃત્યુ વખતે ૪૫ ટકાને ચિકીત્સા સુવિધા નહોતી મળીઃ આ પ્રકારે જો મૃત્યુ વખતે તબીબી સુવિધાની હાજરી જોઈએ તો ૪૫ ટકા કિસ્સાઓમાં તે ઉપલબ્ધ નહોતી. દેશમાં ૨૦૨૦માં કુલ ૮૧,૧૫,૮૮૨ મૃત્યુ નોંધાયા હતા, તેમાંથી ૨૮ ટકા લોકોના મોત હોસ્પિટલે થયેલા, જેથી સ્પષ્ટ થયું કે તેમને મૃત્યુ પહેલા તબીબી સારસંભાળ મળી હતી, જયારે ૧૬.૪ ટકાના મૃત્યુ હોસ્પિટલમાં તો ન થયા પરંતુ તબીબી સુવિધાની ઉપલબ્ધતા ક્ષેત્રમાં થયા. આ સિવાય ૦.૮ ટકા મૃત્યુ એલોપથી ડોકટરો અને ૦.૫ ટકા મૃત્યુ આયુર્વેદ ડોકટરના ઉપચાર સમયે થયેલા. ૮.૮ ટકા મોતને અન્ય શ્રેણીમાં રાખવામાં આવ્યા છે, જેમાં મેડીકલ સુવિધા મળવાની પુષ્ટિ નથી થઈ, જયારે ૦.૪ ટકા કિસ્સામાં કોઈ જાણકારી નથી મળી. ૪૫ ટકા મૃત્યુ અર્થાત લગભગ ૩૬.૫૨ લાખ લોકોને મૃત્યુ વખતે કોઈ તબીબી ઈલાજ નહોતો મળ્યો.

# ઈસરો ટૂંક સમયમાં શુક્ર પર અવકાશયાન મોકલી શકે છે, તે ગ્રહના ઝેરી વાતાવરણ પર રિસર્ચ કરશે

નવીદિલ્હી,તા.૫

ચંદ્ર અને મંગળ પછી ઈન્ડીયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન હવે શુક્ર પર અવકાશયાન મોકલવાની તૈયારી કરી રહ્યું છે. ઈસરોના અધ્યક્ષ એસ સોમનાથ કહે છે કે ભારત પાસે શુક્ર માટેનું મિશન બનાવવા અને લોન્ચ કરવાની ક્ષમતા છે.

સોમનાથનું કહેવું છે કે શુક્રના વાતાવરણનો અભ્યાસ કરવા માટે આ મિશન શરૂ કરવામાં આવશે. મળતી માહિતી મુજબ શુક્રનું વાતાવરણ ખૂબ જ ઝેરી છે અને સમગ્ર ગ્રહ સલ્ફ્યુરિક એસિડના વાદળોથી ઢંકાયેલો છે. સોમનાથના જણાવ્યા અનુસાર શુક્ર પર અવકાશયાન મોકલવા માટે વર્ષોથી રિસર્ચ કરવામાં આવી રહ્યું છે અને હવે ઈસરો પાસે આ મિશનની યોજના તૈયાર છે.શુક્ર અને પૃથ્વી બંન્નેને જોડિયા માનવામાં આવે છે. તેનો આકાર અને કદ ખૂબ સમાન છે. ઉપરાંત, તેમની રચના પણ એકબીજાને મળતી આવે છે. અમેરિકા સહિત ઘણા દેશો વર્ષોથી શુક્ર પર રિસર્ચ કરી રહ્યા છે. આ ગ્રહ પર મિશન મોકલીને વૈજ્ઞાનિકો જાણવા માંગે છે કે શુક્રનું વાતાવરણ ક્યારે અને કેવી રીતે બદલાયું છે. ખરેખર, વૈજ્ઞાનિકોનું માનવું છે કે એક સમયે શુક્ર પણ પૃથ્વીની જેમ રહેવા માટે યોગ્ય હતો. જો કે, આબોહવા પરિવર્તનને કારણે, તેનું વાતાવરણ ઝેરી બની ગયું છે.સોમનાથ કહે છે કે તેમની ટીમ મંગળયાન અને ચંદ્રયાન જેવા સફળ મિશનની જેમ શુક્ર મિશન પર કામ કરશે. હાલમાં આ મિશન માટે અવકાશયાન ક્યારે તૈયાર થશે તે અંગે સોમનાથે કોઈ માહિતી આપી નથી. સોમનાથે કહ્યું, અમારું લક્ષ્યાંક શુક્ર પર કંઈક નવું શોધવાનું છે.અમે જે વસ્તુઓ પર પહેલાથી જ રિસર્ચ કરી ચૂક્યા છે તેનાથી કંઈક અલગ શોધીશું, જેથી મિશનની અસર વૈશ્વિક સ્તર પર પડશે. જો અમારું મિશન અનોખું રહેશે, તો તે વિશ્વભરમાં જાણીતું થશે.×

ઈસરો ઉપરાંત અમેરિકન સ્પેસ એજન્સી નાસા પણ શુક્ર પર બે અવકાશયાન મોકલવાની તૈયારી કરી રહી છે. નાસાએ આ ગ્રહને શોધવા માટે લગભગ એક અબજ ડોલરનો ખર્ચ કર્યો છે. આ ભંડોળ બે મિશન વચ્ચે વહેંચવામાં આવશે. પ્રથમ-DAVINCI અને બીજું-VERITAS. આને ૨૦૨૮ અને ૨૦30 ની વચ્ચે લોન્ચ કરવામાં આવશે.

# શિવસેનાએ પણ બાળ ઠાકરેના રેકોર્ડમાંથી બે વીડિયો જાહેર કર્યા છે. જેમાં બાળ ઠાકરે રાજ ઠાકરેને ઠપકો આપતા હોવાનો છે.

મુંબઈ,તા.૫

મહારાષ્ટ્રમાં હનુમાન ચાલીસાનો વિવાદ યથાવત છે. શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ એમએનએસ પ્રમુખ રાજ ઠાકરે દ્વારા જાહેર કરેલા બાળાસાહેબ ઠાકરેના વીડિયોના જવાબમાં હવે એક નવો વીડિયો રિલીઝ કર્યો છે.

રાજ ઠાકરેએ જાહેર કરેલા વીડિયોમાં શિવસેનાના સંસ્થાપક સ્વ. બાળા સાહેબ ઠાકરેને એમ કહેતા સાંભળવામાં આવ્યા કે જો તેમની સરકાર બનશે તો મહારાષ્ટ્રમાં મસ્જિદોમાંથી લાઉડસ્પીકર નીચે ઉતરાવી લેવામાં આવશે અને રસ્તાઓ પર નમાજ પઢવામાં આવે છે તે બંધ કરાવવામાં આવશે. તેના જવાબમાં શિવસેનાના સાંસદ ચતુર્વેદીએ બાળ ઠાકરેનો નવો વીડિયો જાહેર કર્યો હતો. પ્રિયંકા ચતુર્વેદીએ પોતાના ટ્વીટમાં લખ્યું, 'આ અસલી વીડિયો છે. આ બધા સસ્તા અનુકરણ કરનારાઓ માટે એક પાઠ છે, જે અનુકરણ કરે છે તેઓ હંમેશા એક ડગલું નહીં, પરંતુ ઘણા ડગલાં પાછળ રહે છે.મહારાષ્ટ્રમાં ચાલી રહેલા હનુમાન ચાલીસા વિવાદમાં રાજ ઠાકરેની આગેવાની હેઠળની એમએનએસ અને ઉદ્ધવ ઠાકરેની આગેવાનીવાળી શિવસેના વચ્ચે શબ્દયુદ્ધ વધુ ઉગ્ર થઈ ગયું છે. બુધવારે રાજ ઠાકરેએ બાળ ઠાકરેનો વીડિયો ટ્વીટ કરીને સંદેશ આપ્યો કે તેઓ તેમના કાકા સ્વર્ગસ્થ બાળ ઠાકરેના વૈચારિક ઉત્તરાધિકારી ગણાવે છે. તેના જવાબમાં શિવસેનાએ પણ બાળ ઠાકરેના રેકોર્ડમાંથી બે વીડિયો જાહેર કર્યા છે. જેમાં બાળ ઠાકરે તેમના ભત્રીજા રાજ ઠાકરેને ઠપકો આપતા હોવાનો છે.કહેવાય છે કે રાજ ઠાકરે હંમેશા બાળાસાહેબની નકલ કરે છે. પ્રિયંકા ચતુર્વેદીએ ટ્વિટર પર જાહેર કરેલા વીડિયોમાં બાળાસાહેબ ઠાકરેને નકલની ટીકા કરતા જોઈ શકાય છે. વીડિયોમાં બાળ ઠાકરે કહે છે, 'મને કહેવામાં આવ્યું કે કોઈ મારી સ્ટાઈલમાં બોલે છે, સ્ટાઈલ સારી છે પણ શું તમારી કોઈ વિચારધારા છે ? માત્ર મરાઠી મરાઠીની બૂમો પાડવાથી મરાઠી નહીં ચાલે. તમે બધા જન્મ્યા તે પહેલા મેં મહારાષ્ટ્રમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.

# મેડીક્લેઈમ-જીવન વિમા પોલીસી લેતી વખતે જૂની બિમારી-શરાબનું વ્યસન છૂપાવી ન શકાય

નવીદિલ્હી,તા. ૫

જીવન વિમા પોલીસી-મેડીક્લેઈમ લેતી વખતે બિમારીની સાથોસાથ શરાબ જેવા વ્યસનની માહિતી આપવાનું પણ ફરજીયાત છે અન્યથા વિમા કંપની દાવા નામંજૂર કરી શકે છે. જીવન વિમો લેનાર એક વ્યક્તિએ જૂની બિમારી અને શરાબ પીવાની આદત છૂપાવી હતી જેનો એલઆઈસીએ દાવો નામંજૂર કર્યો હતો અને ગ્રાહક પંચ દ્વારા પણ વિમા કંપનીને કાર્યવાહીને યોગ્ય ઠરાવવામાં આવી છે.

દિલ્હી ગ્રાહક પંચની બે સભ્યોની બેંચ દ્વારા અપાયેલા ચુકાદામાં એમ જણાવાયું છે કે, વિમો લેનાર વ્યક્તિ શરાબનું વ્યસન ધરાવતો હતો અને કેટલીક જૂની બિમારીઓ પણ હતી પરંતુ તેને વિમો લેતી વખેતે આ માહિતી છુપાવી હતી. એલઆઈસીએ કાનૂની કેસમાં એવી દલીલ રજૂ કરી હતી કે વિમો મેળવનાર વ્યક્તિએ બદઈરાદાપૂર્વક માહિતી છુપાવી હોવાથી તેને વિમાનો લાભ ન મળી શકે. ગ્રાહક અદાલતે પણ આ દલીલનો સ્વીકાર કરીને વિમેદારના પરિવારને વિમાના લાભ આપવાની માંગણી ઠુકરાવી દીધી હતી.

આ કેસમાં ફરિયાદી અંજુ ગુપ્તાના પતિએ ડીસેમ્બર-૨૦૦૯ અને વર્ષ-૨૦૧૧માં ૫-૫ લાખના વિમા ઉતરાવ્યા હતા. નવેમ્બર-૨૦૧૨માં ફરિયાદી મહિલાના પતિને પેટની બિમારી સબબ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારબાદ તેને કિડનીની બિમારી હોવાનું પણ જાહેર થયું હતું.

# મધ્યપ્રદેશની સ્કુલોમાં ભગવાન પરશુરામના જીવનથી જોડાયેલી વાતો ભણાવાશે : મુખ્યમંત્રી

ભોપાલ,તા.૫

મધ્યપ્રદેશના સ્કુલોના પાઠયક્રમોમાં હવે તાકિદે ભગવાન પરશુરામના જીવનથી જોડાયેલ વાતોને ભણાવવામાં આવશે.આ જાહેરાત ખુદ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કરી છે.

પરશુરામ જયંતિ પર ભોપાલના ગુફા મંદિરમાં પરશુરામની સૌથી ઉંચી ૨૧ ફુટની અષ્ટ ધાતુથી નિર્મિત મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શિવરાજ ચૌહાણે જાહેરાત કરતા કહ્યું હતું કે હું તાકિદે પાઠયક્રમ સમિતિને બોલાવી નિર્દેશ આપીશ કે ભગવાન પરશુરામજીના ચરિત્રનો પાઠને પાઠયક્રમમાં સામેલ કરવામાં આવે.બધા બાળકો ભણે શું મુશ્કતેલી છે સંસ્કૃત ભણે ભગવાન પરશુરામ ભણે ભગવાન રામ ભણે ભગવાન કૃષ્ણ ભણે ભગવાન ગીતા ભણે તેમાં શું વાધો હોઇ શકે છે.આ સનાતન સંસ્કૃતિ છે આપણી આ સંસ્કૃતિ ભણવી જોઇએ ભગવાન પરશુરામજીનો પાઠ ભણાવવામાં આવે તેમના ચરિત્ર તેમણે જે કામ કર્યું છે તે તો સદૈવ રહેશે કરી રહ્યાં છીએ

CYMK

# પેટ્રોલ, ડીઝલ કોમર્શિયલ ગેસ સિલિન્ડર કંપનીની જેમ ફાધર ઓફ બોમ્બ જેવો આકરો ભાવવધારો કરો

જેમ હરિનો મારગ શૂરાનો છે. આ મારગ પર કાચાપોચા,ઢચુપચુ લોકો ચાલી શકતા નથી.કેમ કે, ડગલે ને પગલે કસોટી આવે છે. તેનો સામનો કોઈક ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેત, નરસૈંયો કે મીરા ચાલી શકે.ઐરાગૈરા કે નથુગેરા ન ચાલી શકે!!કોઈ પણ વસ્તના ભાવ વધારવા પણ શૂરાનું કામ છે.ભાવ વધારો કેટલીવાર કરવો અને કેટલી રકમનો કરવો તેનું વિશદ માર્ગદર્શન આપના માટે રેડી રેકનર ઉપલબ્ધ હોતા નથી. આપણા કમનસીબે આ માટે કોઈ યુનિવર્સિટી પણ નથી!!

ભાવવધારા પર દીવાદાંડીની જેમ પ્રકાશ ફેલાવવા માટે થોડાંક પૂર્વદ્રષ્ટાંત છે.

તમે પચાસ રૂપિયાનું ટુથ બ્રશ બનાવનાર કંપની બે પાંચ રૂપરડીનો ભાવ વધારો કરી શકે. એનાથી વધુ ભાવ વધારે તો બજારમાંથી ફેંકાય જાય! કેમ કે, બીજી કંપનીઓ ટાંપીને બેઠા હોય છે.

કેટલીક કંપનીઓ ન્યુનતમ કિંમતે બજારમાં ધામધૂમથી પ્રવેશ કરે છે! માર્કેટ શેર કહેજે કરે છે. બજારમાં સ્થિર થાય કે પોત પ્રકાશે! પેટમાં ઘૂસીને ટાંટિયા પહોળા કરે છે! પછી ધડાધડ ભાવ વધારા કરવા માંડે છે. ગ્રાહકો તો ઠીક પણ કંપનીના કર્મચારી સહિત પ્રમોટરો હબક ખાઈ જાય છે!!

કેટલાક ભાવ વધારો એવી રીતે કરે છે કે માનો સિંહે શિકાર કર્યો ન હોય!! સિંહ શિકાર કરીને ક્ષુધા તૃપ્તિ કર્યા પછી શિકાર તરફ જોતો નથી. બાકીનો શિકાર શિયાળવા માટે છોડી દે છે.

ભાવ વધારો કરવા માટે છપ્પનની છાતી જોઈએ. ભાવ વધારો કરે તો પણ રાષ્ટ્ર પર ઉપકાર કરતા હોય એમ કરે. ભાવ વધારાને કારણે અર્થતંત્રમાં કેટલો ફાયદો થાય તેની પીએચડીની ડીગ્રી લેવા જેટલો થીસીસ રજૂ કરે!!જેમ ભમરો ફૂલ પરથી લગીર રસ પીએ તેટલો સમાપ કર રાજાએ પ્રજા પાસેથી ઉઘરાવવો જોઈએ તેમ મગજના મહાઅમાત્ય ચાણક્યે કહ્યું છે. આપણે ત્યાં વેપારી શ્રી સવા લખે છે તેનો અર્થ એ થયો કે વેપારીએ પા ટકા નફો લેવાનો!! વાસ્તવમાં વેપારી ગ્રાહકને શેરડીના સંચામાં છોતરા જેવો રહે તેમ પીલી નાંખે છે. ઈસ્લામમાં મૂડી પર વ્યાજ હરામ ગણવામાં આવેલ છે!!

કેટલાક લોકો ભાવ વધારવાના બદલે યુગપ્રવર્તક બનવા ભાવ વધારાની સાંકળ તોડીને ભાવ વટાડો કરે છે. અર્થશાસ્ત્રમાં ભાવ વધારા - તેજીને ,ફુગાવાને ગુલાબી કે ઈચ્છનીય ગણે છે ભાવધટાડો-મંદી ઈચ્છનીય નથી. કેમ કે રૂપિયાનું સંકોચન થાય છે. રૂપિયાની ખરીદશક્તિ ઘટે છે જે વધુ મંદીને ઉતેજન આપે છે.

અમૂલે લગભગ આઠ મહીના પછી ભાવ વધારો કર્યો.( અલબત, સહકારી સંસ્થાના ઓઠા હેઠળ વિકરાળ વેપારી સંસ્થાન છે. લગભગ પૂર્ણ ઈજારા શાહી હોવા છતાં મલ્ટીન્શનલની માફક અબજો રૂપિયા ગર વરસે જાહેરાતમાં ફૂંકી મારે છે. જાહેરાતમાં બજેટમાં કાપ મુકે તો ગ્રાહકોને હાલના કરતાં અડધા ભાવે દૂધ વેચી શકે અને છાશ તો ફ્રી ઓફ કોસ્ટ આપી શકે!!)અમૂલ ભાવ વધારાની અસરને મોડરેટ કરવા રૂપિયા એકનો નજીવો ભાવસુધારો ગણાવે. શિંક્ષણના ક્ષેત્રે કુમળા બાળકો પરીક્ષામાં અનુતીર્ણ થાય એવું પ્રગતિપત્રકમાં લખીએ તો બાળકોના માનસ પર વિપરીત અમે પ્રત્યાઘાતની નકારાત્મક અસર થાય એટલે " ઈમ્પ્રુવમેન્ટ રીકવાયર્ડ જેના સોજજા ને સોફ્ટ શબ્દો વાપરવાનો વાયરો વાયો છે તેવી રીતે ભાવ સુધારો લખવામાં કોઈ હર્જ નહીં હૈ ! પુષ્પા આઈ હેઈટ પ્રાઈઝ હાઈક બટ લાઈક પ્રાઈઝ રેકટીફિકેશન!!

અમૂલ ભાવ સુધારા માટે ખાણદાણના વધેલા ભાવની પતર ખાંડે છે. ઉનાળામાં ભાવ વધે એ સમજાય તેવી વાત છે. ચોમાસામાં લીલો ઘાસચારો મળે ત્યારે ભાવ ઘટે તો રોજેરોજ કટકે કટકો લૂંટાતા ગ્રાહકને ભાવ ઘટાડાનો લાભ આપતું નથી. આ બધો તામજામ ગ્રાહક છે તો છે. હાલમાં દૂધ ન પીવું વગેરે પ્રકારની ઝૂંબેશ ચાલે છે!! જો ગ્રાહક તે માર્ગે વળી જશે તો તમારું દૂધ કોણ લેશે?

અમૂલને ભાવ વધારતા પણ આવડતું નથી.આઠ મહીના પછી ભાવ વધારો કર્યો . એમાં પણ ડીફેન્સીવ . ધણા નમૂના સોના-ચાંદીની સરખામણીએ ૭૬% દૂધમાં ભાવવધારો થયો હોવાનું તારણ કાઢ્યું. અરે તારી ભલી થાય! સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૫૦૦૦૦ છે. કિલો સોનાનો ભાવ રૂપિયા ૫૦,૦૦,૦૦૦- પચાસ લાખ છે જેની સામે દૂધ સાંઈઠ રૂપિયે લિટર છે!! અરે હાલારી પ્રજાતિની ગધેડીનું દૂધ ૭૦૦૦ રૂપિયે લિટર મળે છે. એક ચમચી દૂધ ૫૦-૧૦૦ રૂપિયે મળે છે. આઠ મહિને લિટરે બે રૂપિયા વધારો કરો તેમાં ક્ષોભ, સંકોચ કે લજ્જા શું અનુભવવાની હોય ભલા'દમી?પેટ્રોલ- ડીઝલ કંપની દરરોજ પાંચ દસ રૂપિયાનો ભાવવધારો ઝીંકે છે. ભાવવધારાના કારણો પણ નથી આપતી. પ્રજા તરીકે તમે શું એનું બગાડી શકો છો? ઉલ્ટાનું એ તમારું બજેટ ખોરવી નાંખે છે!! કોઈક દિવસ એનો હોય કે ભૂલથી ભાવ વધારો ન કર્યો હોય.,એટલે એમને જમવાનું પણ પચતું નથી!!! આપણે પેટ્રોલ પેદાશની કિંમતો બજાર દ્વારા નક્કી કરવાની નીતિ અખત્યાર કરી છે. અર્થાત્ સરકારી હસ્તક્ષેપ નાબૂદ કર્યો છે. મજાની વાત એ છે કે કોઈ પણ ચૂંટણી હોય તે સમયગાળામાં કોઈ અગમ શક્તિની અસર હેઠળ બજાર સાંઢમાંથી ડાહીડમરી બકરી થઈને બેં બેં કર્યા સિવાય ભાવ લગભગ સ્થિર રાખે છે! જો કે ચૂંટણી પછી પેટ્રોલયિમ કંપની બરાબરનો દાવ લે છે!!

ગેસ સિલિન્ડરનો ભાવ પણ પહેલો ઘા રાણાનો એ ન્યાયે વધારે છે. પહેલી ઓગષ્ટ ૨૦૨૧ના રોજ રૂપિયા ૭૩.૫ નો વધારો, પહેલી ડીસેમ્બર ૨૦૨૧ ના રોજ રૂપિયા ૧૦૦ નો વધારો અને પહેલી માર્ચ ૨૦૨૨થી રૂપિયા ૧૦૫નો વધારા બોમ્બ ઝીંક્યો. કોઈની તાકાત છે કે ચૂંકેચા કરે કે હરફ ઉચ્ચારે?

લજામણીનો છોડ જેવા અમૂલના સંચાલકો પેટ્રોલ, ડીઝલ કોમર્શિયલ ગેસ સિલિન્ડર કંપનીની જેમ ફાધર ઓફ બોમ્બ જેવો આકરો ભાવવધારો કરો. ઓલ ધી બેસ્ટ!!?

ભરત વૈષ્ણવ


હતા

છાતી પરના પ્રહાર અપેક્ષિત હતા,
પીઠ પરના પ્રહાર અનપેક્ષિત હતા.
અમે સૂરજ,ચંદ્ર,પવનની કામના કરી,
સરકારી ચોપડે એ આરક્ષિત હતા.
રામ જાણે શું છે?જેને અક્ષત ગણ્યા,
એ તો સાલ્લા સાવ જ ખંડિત હતા
પહેલી નજરે પામર જણાયેલા હતા,
એ આદમી અઠંગ પ્રેમ પંડિત હતા.
જેને અતરંગ મિત્ર માની ભરોસો કર્યો,
હુમલાવરની સૂચિમાં સંમિલ્લિત હતા.

ભરત વૈષ્ણવ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS No: 0013**

**પ્રકારઃ પદ્ય**
**શીર્ષક : તરબોળ**
**વિષયઃ ધૂપ છાંવ**

**આ છાંવમાં ભીની ભીની**
**માટીની ખુશ્બુ લઈને તું**
**આવ મારે તરબોળ થવું છે.**
**આ ધૂપમાં તું અષાઢ ના**
**ગીત લઈને આવ પસીના**
**થી રેબઝેબ થવું છે.**
**આ ધૂપ છાંવ ના**
**વાયરા મારા અંગ અંગને**
**બાળે એની પહેલા તું**
**વરસાદ લઈને આવ**
**સાથે ભીંજાઈ જવું છે.**
**તારી સાથે આ વરસાદી**
**માહોલના નશામાં**
**મદહોશ થઈને તારામાં**
**એકાકાર થઈ જવું છે.**
**આ ધૂપ છાંવ "શ્યામ"**
**તું જ લઈને આવ તારી**
**સાથેના નાતા માં સદાને**
**માટે બંધાઈ જવું છે.**

**ઘનશ્યામ વ્યાસ.**

---

**NOG SS No-106**

**ર્દ્રંદ-સાહિત્ય સરિતા-ગ્રુપ**
**વિષયઃ-અખાત્રીજ**
**શીર્ષકઃ-ઃ"બાલોત્સવ"**
**પ્રકારઃ-પદ્ય**
**શબ્દઃ-૧૫૮**

**મને આવે રે આ દિવસે**
**મારું બાળપણ યાદ !**
**એટલે અખાત્રીજ પાડે મારાં મન પર અલગ ભાત!!**
**ભલે ભગવાન ખાતા પાકી કેરીનો રસ**
**મને તો..**
**માએ બનાવેલી ઘરનાઘીથી લબાલબ રોટલી**
**સાથે,**
**કાચીકેરીની 'ગોળકેરી' ભરેલાં ચાર છાલિયાં,**
**ખાતાં!!!**
**બાર પણ ઓછી પડે**
**લેચી રોટલી!!**
**અખાત્રીજનું લગન, અખાત્રીજના લગન**
**કાકા-મામા-માસી-ફોઈ..**
**કોણ જાણે કોના લગન??**
**કેટલા દિવસથી ગાજતાં!!**
**અખાત્રીજના લગન અખાત્રીજના લગન..**
**નવાં કપડાં,ખાવું પીવુંને મસ્તીમાં મગન**
**માંડવામાં**
**'રોઝસરબત' ઘટઘટાવી,**
**અમે તો**
**મગન મસ્તીમાં મગન..**
**અખાત્રીજ એટલે**
**આનંદ/મસ્તી/તોફાન?**
**એક ના ગમતું ..**
**પેલો ઊનાળો**
**જમતી વખતે,**
**પંખા સામે ફરરરર ઊડતો! પાપડ,પરસેવે રેબઝેબ**
**પીરસણીયા!!**
**બહેન જાતી રડતી-સાસરે ..**
**નહોતું ગમતું!!**
**----બસ એટલેથી,**
**ના અટકતું**
**દાદા કે'તા દાન-ધરમ,મંદિરે ચાલો..**
**દાદી કે- ખેડૂતનો દિવસ,**
**વણમાગ્યાં મૂરતનો દિવસ,**
**સપરમો દિવસ**
**વરસીતપ પારણીયા**
**જૈન ખમત-ખામણાંનો દિવસ,**
**પરશુરામ -**
**શસ્ત્ર શાસ્ત્ર**
**ધર્મની રક્ષાનો દિવસ!!**
**હું બોલું..**
**"આનંદ ખુશી વહાલ, મઝાનો દિવસ?"**
**અક્ષય અક્ષય અક્ષય-- આ**
**'ખતરોંકે ખિલાડી'-અક્ષય?**
**ફિલ્મનો અભિનેતા અક્ષય?**
**ના રે એ શું સગો ને**
**શું વ્હાલો??**
**અક્ષય તો કોઈ દિ' ખૂટે નહિ!**
**અક્ષય અનંત છે,**
**અમાપ છે..**
**સારાં કાર્યની શરૂઆત**
**સારામિત્રની મુલાકાત !!**
**આવી રીતે-**
**મને આવે રે બાળપણની યાદ !!**
**મુક્તીદા ઓઝા**

# ભાજપ કિસાન મોરચાની રચનાના એક વર્ષ નિમિત્તે પદાધિકારીઓએ એકબીજાને અભિનંદન પાઠવ્યા




ભાજપ કિસાન મોરચાનો એક વર્ષનો બેજોડ કાર્યકાળ હતો ૪ મે, પાણીપત જિલ્લામાં આજે સમલખા જૂના બસ સ્ટેન્ડ ગુરુદ્વારા સામે પાણીપતના જિલ્લા પ્રમુખ કિસાન મોરચા મહાબીર સિંહની આગેવાની હેઠળ ટીમમાં કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત સુખવિંદર શેઓરાનની એક વર્ષ પૂર્ણ થવા પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપ પ્રમુખ ઓમપ્રકાશ ઢાંખ દ્વારા રચવામાં આવેલ. ભાજપ કિસાન મોરચાએ આજે ??તેના પ્રથમ વર્ષના કાર્યકાળમાં કોવિડ અને ખેડૂત આંદોલનો વચ્ચે પણ ખેડૂતો સાથે જમીન પર વાતચીત કરીને અને સમયાંતરે સીએમ મનોહર લાલ અને તેમના મંત્રીમંડળ સાથે વીજળી, પાણી, ખાતર, બિયારણ, કુદરતી પછી વળતર. આફત. તે પૂર્ણ કરીને અનુભવી વાતાવરણ સર્જાયું છે. આજે કિસાન મોરચાના એક વર્ષ નિમિત્તે તમામ હોદ્દેદારોએ એકબીજાને શુભેચ્છા પાઠવી હતી અને ગ્રામ્ય કક્ષાના કાર્યકરો સાથે વાતચીત કરીને એક વર્ષમાં તેમની સાથે વિતાવેલા સમયને યાદ કરીને સંગઠન અને ખેડૂતોનો કાયદેસરનો અવાજ સરકાર સમક્ષ મક્કમતાથી ઉઠાવ્યો હતો. , ઉકેલ લાવવા માટે નક્કી કર્યું. ભાજપ કિસાન મોરચા એ સંગઠનનો સૌથી મજબૂત ભાગ માનવામાં આવે છે, તેથી જ ખેડૂતોની બહુમતી હોવાને કારણે દરેક પક્ષ ખેડૂત હોવાનો ડોળ કરે છે, પરંતુ જ્યારે સમય આવે છે ત્યારે આ અન્નદાતા સાવ ભૂલી જવામાં આવે છે, પરંતુ ભાજપ સંગઠને આ અન્નદાતાની શરૂઆત કરી છે. ખેડૂત આંદોલન. કે પછી કોવિડનો ભયંકર સમયગાળો રહ્યો હોય, તેણે ખેડૂત સાથે મળીને તેનો માર્ગ માપવાનું કામ કર્યું છે. કોવિડની મહામારી અને ખેડૂતોના આંદોલને રાજ્યભરમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, પરંતુ ભાજપ કિસાન મોરચાના અધિકારીઓ પહેલા મંડી પહોંચ્યા હતા. બજાર બાદ માસ્ક, સેનિટાઈઝરનું વિતરણ નિર્દોષ ખેડૂતોને કર્યું, જ્યારે ગયા વર્ષે જૂન મહિનામાં રોપા વાવીને અને રક્તદાન કરીને અભિયાનની શરૂઆત કરી. ગ્રામીણ ખેડૂત સાથે સંસ્થાના અધિકારીઓનો સહયોગ જાળવી રાખ્યો. ગ્રામીણ પ્રવાસોમાં ઘણી વખત માત્ર વિપક્ષ જ નહીં પરંતુ તેમના જ લોકોએ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી, પરંતુ જ્યારે અધિકારીઓએ તેમને અત્યાર સુધીની સૌથી મજબૂત નરેન્દ્ર મોદી સરકારની ખેડૂતો અને કૃષિ ક્ષેત્રે લાગુ કરવામાં આવેલી સમૃદ્ધ નીતિઓથી વાકેફ કર્યા હતા, ત્યારે તેઓ પણ સાથે ઉભા હતા. સાથે સાથે કિસાન મોરચાની સમગ્ર ટીમ એક પરિવારની જેમ તમામ સામાન્ય લોકો, સંસ્થાના અધિકારીઓએ જહેમત ઉઠાવી હતી અને કપાસમાં સફેદ માખી, ઉધેલા, સરસવના છોડના સડો રોગના કારણે થતા નુકસાનના સંજોગોમાં સંગઠન તેમજ સામાન્ય જનતા સરકારનો અવાજ બનીને સમગ્ર મામલો સરકાર સમક્ષ ઉઠાવીને તેનો ઉકેલ લાવી ઈતિહાસ રચવાનું કામ કર્યું છે. રાજ્યમાં પ્રથમ વખત વીજળી હોય કે ખાતર, બિયારણની કટોકટી હોય કે ખરાબ પાક માટે વળતરનો અહેવાલ, કિસાન મોરચાએ વારંવાર સીએમ મનોહર લાલને જમીનની સ્થિતિથી વાકેફ કર્યા અને સરકારની આંખ અને કાન બની ગયા. છત્રીસ બિરાદરોની આંખો અને કાન. તેમણે કલ્યાણકારી કાર્ય કર્યું છે જે વિરોધી રાજકીય પક્ષો માટે એક પ્રકારના અરીસા જેવું કામ કર્યું છે. આ સાથે દરેક જિલ્લામાં પ્રગતિશીલ ખેડૂતોની સાથે સરહદની રક્ષા કરતા સૈનિકોની સાથે અમૃત મહોત્સવમાં ૨૭મી ફેબ્રુઆરીએ દરેક વિધાનસભામાં ચંદ્રશેખર આઝાદના બલિદાન દિવસની ઉજવણી કરવાનું કામ પણ કર્યું છે. વર્ષ ભરના કાર્યકાળ દરમિયાન સંસ્થાના દરેક કાર્યકર્તાએ સંગઠનને ગ્રામ્ય કક્ષા સુધી ઘડવામાં અથાગ મહેનત કરી હતી. કોંગ્રેસે માત્ર વોટબેંકના રૂપમાં ખેડૂતોને ફસાવવાનું કામ કર્યું, પરંતુ ભાજપે દેશભરમાં તેમના પાકના સૌથી વધુ ભાવ, ભાવાંતર યોજના, જમીન સંપાદન કે કુદરતી આફત કે મોસમી રોગો સમયાંતરે સ્વીકાર્યા.ઉદાહરણ તરીકે, દ્વારા તેમની તરફેણમાં કૃષિલક્ષી નિર્ણયો લઈને ભાજપ દેશના નેતાઓને યોગ્ય રીતે આર્થિક રીતે વિકસિત બનાવવાનું કામ કરી રહ્યું છે તે સાબિત થઈ ગયું છે.કૃષિ ક્ષેત્રમાં વધુને વધુ વીજળી ઉપલબ્ધ કરાવવાનો અવાજ ઉઠાવવામાં આવ્યો છે તો આજે સરકાર , ખેડુતને થોડી સમજાવટ બાદ હવે તેના એલિયનને ઓળખીને મક્કમતાથી તેની પાછળ ઉભો છે.

આજે કિસાન મોરચાના પ્રમુખ તરીકે સુખવિન્દર શિયોરાનને એક વર્ષ પૂર્ણ થતાં ભાજપના પ્રદેશ પ્રમુખ ઓમપ્રકાશ ધનખરના માર્ગદર્શન હેઠળ જિલ્લાના કિસાન મોરચાના કાર્યકરોએ જિલ્લા પ્રમુખની આગેવાની હેઠળ સંપર્ક અભિયાન હાથ ધર્યું હતું અને સુખવિન્દર શેઓરાનનો વધારો કર્યો હતો. અનેક સામાજિક કાર્યક્રમોમાં ભાગ લઈને.શુભેચ્છાઓ. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી ઋષિ પાલ રાવલ, પ્રદેશ કાર્યકારી રાજેશ ફોગટ, જિલ્લા ઉપાધ્યક્ષ મનોજ દહિયા, અનિલ બેનીવાલ અને સુભાષ ત્યાગી, જિલ્લા મહામંત્રી આઝાદ ખલીલા અને પ્રદીપ રાવલ, જિલ્લા સચિવ સતબીર ચોકર, સુરેશ આર્ય, જિલ્લા મીડિયા પ્રભારી ડો. ગજેન્દ્રસિંહ દહિયા અને સહ-મીડિયા પ્રભારી અનુ ભાટિયા, ધનસિંહ કુહાડ જિલ્લા કારોબારી સભ્ય, સંદીપ ફૌજી બુધશામ, મજબૂત કાંગડા કાર્યકરો અને તમામ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતના ગ્રીષ્મા હત્યા કેસમાં ફાંસીની સજા તે રાજ્ય સરકારની દ્રઢ ઈચ્છાશક્તિના પરીણામે શક્ય બન્યુ : ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

ગાંધીનગર,તા.૫

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ છે કે રાજ્યના નાગરિકોને વધુ સુરક્ષીત કરવાના મક્કમ નિર્ધાર સાથે મુખયમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારે અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે. ગુજરાતમાં જઘન્ય અપરાધ કરવાવાળાને કોઈ સ્થાન નથી. આવા અપરાધોને રાજ્ય સરકાર સાંખી લેશે નહીં. રાજ્ય સરકારની દ્રઢ ઈચ્છાશક્તિના પરિણામે તાજેતરમા સુરત ખાતે થયેલ ગ્રીષ્માના હત્યા કેસમાં નામ. કોર્ટ દ્વારા માત્ર ૭૦ દિવસમાં આ ગુનાને રેરેસ્ટ ઓફ ધ રેર ગણીને આરોપીને ફાંસીની ફરમાવી છે. તે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ગૃહ મંત્રીએ ઉમેર્યુ કે, ગુજરાતમાં આવા જઘન્ય ગુનાઓ કરનારને રાજ્ય સરકાર ક્યારેય બક્ષવા માંગતી નથી. આજે આવેલ આ ચૂકાદાનો ભય કોઈપણ ગુનો કરનાર આરોપીના મગજમાં રહેશે. જેના પરીણામે ગુનો કરતા ફફડશે.

ગ્રિષ્માના માતા-પિતાને તેમના ઘરે જઈ ઝડપી ન્યાય અપાવવા મે આપેલુ વચન આજે પુર્ણ થયું છે. આરોપી ફેનિલને આજે ફાંસિની સજા થતા અમે આપેલુ વચન આજે પૂર્ણ થયુ છે. જેનો અમને સંતોષ છે. ગ્રીષ્માના માતા-પિતાને આપેલ ખાતરી મુજબ મારા આવતીકાલ સવારના તમામ કાર્યક્રમો રદ કરી તેમના નિવાસસ્થાને જઈ તેમને વંદન કરવા હું જવાનો છું.

ગૃહ રાજ્ય મંત્રીએ ઉમેર્યુ કે, આ ઘટનામાં મળેલ ન્યાયને પરિણામે આ લડાઈ રાજ્ય સરકાર આગળ વધારશે. ગુજરાતમાં કોઈ પણ ગુનો બનશે તો ગુનેગારોને કડક સજા અપાવવા અને ભોગ બનનારને ન્યાય અપાવવા રાજ્ય સરકાર

હરહંમેશ પ્રયત્નશીલ રહેશે. રાજ્યમા આવી એક પણ ઘટના બને એ સારૂ નથી. ગૃહ મંત્રી તરીકે મારી જવાબદારી અને મારૂ લક્ષ્ય છે કે આગામી સમયમાં આવી ઘટનાઓ ન બને તે માટે રાજ્ય સરકાર નવી સ્ટ્રેટેજીથી કામ કરવા સઘન આયોજન કરશે.

ગૃહ મંત્રીએ આ બનાવની ન્યાયિક તપાસ ઝડપભેર કરવા માટે પોલીસ વિભાગ, ન્યાયતંત્ર દ્વારા એક ટીમ બનીને જે કામગીરી કરી છે. તે તમામ કર્મીઓને રાજ્યના નાગરિકો અને રાજ્ય સરકારવતી સૌને અભિનંદન આપી તેમને કામગીરીને બિરદાવી છે.



પ્રાતઃ સ્મરણિય સંત શ્રી પુનિત મહારાજ ના ૬૦માં પુણ્યતિથિ વર્ષ તથા શ્રી રામભક્તજી ની જન્મશતાબ્દી વર્ષની ઉજવણી ના ભાગ રૂપે પુનિતપ્રેમીઓ દ્વારા અક્ષયતૃતીયા ના દિવસે અબોલ પશુ પક્ષીઓ માટે જળપાત્ર નું વિતરણ કરાયું., જીપીસીસી...

# રાહુલ ગાંધી પપ્પુ જ છે એ સાચી વાત છે...

નિમિષ શાહ

રાહુલે ખરેખર તો મોદીજી કરતાં વધુ શિક્ષિત - સંસ્કારી - શરીર સૌષ્ઠવ જાળવવાની ની જરૂર જ ન્હોતી...

રાહુલે મોદીજીની જેમ એકવાર નહીં પણ એમનાં કરતાં વધુ વાર સ્ત્રીઓ સાથે લગ્ન કરી છૂટાછેડા આપી દેવાની જરૂર હતી...

રાહુલ નેપાળ શું કામ ગયો ? એણે મોદીજીની જેમ પાકિસ્તાન જવાની જરૂર હતી...

રાહુલે ભણવાની જગ્યાએ મોદીજીની જેમ માર્કસશિટો લઈ લેવાની જરૂરિયાત હતી...

રાહુલે ડૉ.મનમોહનસિંહને વડાપ્રધાન શું કામ બનવા દીધા ? મોદીજીએ પોતાના ગુરૂ અડવાણીને જે રીતે હાસિયામાં ધકેલી દીધા એ રીતે હોશિયામાં ધકેલી ખુદ પ્રધાનમંત્રી બનવાની જરૂર હતી...

રાહુલે પોતાના પિતા રાજીવજીના હત્યારાઓને ફાસી અપાવતા રોક્યા એવી કરુણા દર્શાવવાને બદલે મોદીજીની જેમ પોતાના પક્ષના જ વરિષ્ઠ નેતાઓ મુરલી મનોહર - અરુણ શૌરી - યશવંતસિન્હા - હરેન પંડ્યા - કેશુબાપા સાથે કરી એવી નિર્દયતાપૂર્ણ વેરવૃત્તિ રાખવાની રાજનીતિ કરી પોતાના સિવાય દરેકને દરકિનારે કરવાની જરૂર હતી...

રાહુલે શું કામ દસ વર્ષ સત્તા પર હોવા છતાં સાદગી રાખી એણે મોદીજીની જેમ ભારતની પ્રજાના ટેક્ષના પૈસે ૧૦,૦૦૦ કરોડનું વિમાન લાવી લક્ઝ્યુરિયસ લાઈફ સ્ટાઈલ જીવી લેવાની જરૂર હતી...

રાહુલે વિચારવાનું હતું ક્યાં મારા બાપના પૈસા છે ? મીડિયાને અબજો રૂપિયાની જાહેરાતો આપી મોદીજીની જેમ વાહવાહી કરાવવાની જરૂર હતી...

આજના યુગ પ્રમાણે રાહુલે દેશના જીડીપીના બદલે મોદીજીએ ભાજપનું ચૂંટણી ફંડ ૮,૦૦૦ કરોડ કર્યું એમ કોંગ્રેસનું ફંડ વધારવાની જરૂર હતી... બિલકુલ બબુચક એવાં રાહુલ ગાંધી એ આરટીઆઈ જેવાં કાયદા લાવવાને બદલે દેશની સરકારી કંપનીઓ વેચી દેવાની જરૂર હતી...

- નિમિષ શાહ, મહામંત્રી, જીપીસીસી...

# પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના મુડાણા ગામે થી ડુપ્લીકેટ આરસી બુક બનાવવાનો પર્દાફાશ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ એલસીબી અને એસઓજી પોલીસની ટીમ દ્વારા સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું




ગુજરાતના અલગ અલગ જીલ્લાઓનું પાર્સીંગ ધરાવતા વાહનોની આરસી બુક જેવી નકલી આર.સી બુક બનાવતા ધંધાનો સિધ્ધપુર તાલુકાના મુડાણા ગામેથી પાટણ એલસીબી અને એસઓજી પોલીસ ની સંયુક્ત ટીમ દ્વારા પર્દાફાસ કરી એક ઈસમની અટકાયત કરવામાં આવી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસ મહાનિરીક્ષક જે.આર.મોથલીયા(IPS) સરહદી રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક પાટણના વિજયકુમાર પટેલ(IPS) નાઓએ દરેક પોલીસ મથકે સપ્ન નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગ સાથે મિલ્કત સબંધી ગુનાઓ બનતા અને અટકાવવા સુચના કરેલ હોય જે આધારે પાટણ એલ.સી.બી તથા એસ.ઓ.જી ના પોલીસના માણસો નાઈટ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ હકીકત આધારે વી.આર.ચૌધરી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર એલ.સી. બી.પાટણ તથા એલ.સી.બી એસ.ઓ.જી.પાટણના પોલીસ સ્ટાફના માણસો દ્વારા મુડાણા તા.સિધ્ધપુર મુકામે મોમીન અસ્ફાકભાઈ અબ્દુલભાઈ દાદુભાઈ વાળા પોતાના મળતીયા માણસો સાથે મળી જઇ પોતે બેક્ર કે ફાયનાન્સ કંપનીએ સીઝ કરેલ વાહન કોઇ પાર્ટીને વેચાણ અપાવી તે વાહન વાહન-ખરીદનારના નામે કરાવવાની જવાબદારી લઇ કોઈપણ રીતે અલગ અલગ આર.ટી.ઓ કચેરીની અલગ અલગ વાન માલીકોના નામની તેમજ અલગ અલગ આરટીઓ અધિકારીના સહી વાળી વાહનોની આર.સી.બુકો મેળવી આર.સી.બુકો (સ્માર્ટકાર્ડ) ઉપરનું લખાણ પીનર વડે દુર કરી સદર વાહનનુ ઓનલાઈન ગુજરાત ટ્રાન્સપોર્ટ ડીપાર્ટમેન્ટ ઓથોરીટીના ફોર્મ નં-૨૪ મેળવી તેમાંથી વાહનની વિગતો મેળવી તે વિગતો પ્રિન્ટરમાં સેટ કરી છ્ર અસલ આર.સી.બુક(સ્માર્ટ કાર્ડ) જેવી ખોટી આર.સી.બુક બનાવી જે તે આર.ટી.ઓ કચેરી ખાતે અસલ આર.સી.બુક તરીકે રજુ કરી તેના આધારે વાહન ખરીદનારના નામે નવી અસલી આર.સી.બુક મેળવી ગુનો આચરતા હોય જેથી પંચો સાથે સદરીના ઘરે રેઈડ કરતા મોમીન અસ્ફૂભાઈ અબ્દુલભાઈ દાદુભાઈ રહે.મુડાણા તા.સિધ્ધપુર વાળો રંગીન સ્માર્ટ પિન્ટર તથા અલગ અલગ આર ટી ઓ કચેરીના અધિકારીની સહીવાળી અલગ અલગ વાહનની આર.સી.બુક નંગ-૧૦ તથા વાહનનું ઓનલાઇન ગુજરાત ટ્રાન્સપોર્ટ ડીપાર્ટમેન્ટ ફોર્મ નં-૨૪ નંગ-૦૮ ઓર્થોરીટીના તથા એક આઈફોન તથા ચાર્જર તથા કેબલ તથા થીનર મળી કુલ કી.રૂ.૪૦,૦૨૫/ ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા અને માકણોજીયા તારીફ અબ્દુલહમીદ રહે.રજોસણા તા.વડગામ જી.બનાસકાંઠા વાળાએ ઉપરોક્ત આર.સી બુકો આપી તેની ટેકનીક શિખવાડેલ હોઇ અને રેડ દરમ્યાન હાજર મળી આવેલ ના હોય જે ઉપરોક્ત બન્ને વિરૂધ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી કરી સિધ્ધપુર પો.સ્ટે ને આગળની તપાસ સોંપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુનામાં સંડોવાયેલ આરોપીઓ

મોમીન અસ્ફાકભાઈ અબ્દુલભાઈ દાદુભાઈ રહે.મુડાણા તા.સિધ્ધપુર , માકણોજીયા તારીફ અબ્દુલહમીદ રહે.રજોસણા તા.વડગામ જી.બનાસકાંઠા

સહિતનાઓ જયારે રેડ દરમ્યાન પકડેલ આરોપી મોમીન અસ્જદકભાઇ અબ્દુલભાઇ દાદુભાઇ રહે.મુડાણા તા.સિધ્ધપુર

ની પુછપરછ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# પીપરાળા ચેકપોસ્ટ ઉપરથી ઈંગ્લીશ દારૂથી છલોછલ ભરેલી ટ્રક ઝડપી પાડતી સાંતલપુર પોલીસ



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

એક હજારથી વધુ ઈંગ્લીશ દારૂની પેટીઓ અને ટ્રક મળી અંદાજિત ૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો..એસ.આઈ પરમાર અને તેમના સ્ટાફ દ્વારા બાતમીના આધારે પીપરાળા ચેકપોસ્ટ ઉપરથી ઈંગ્લિશ દારૂ થી છલોછલ ભરેલી ટ્રક સાથે બે શખ્સોને ઝડપી લેવામાં સફળતા સાપડી હોવાનું સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.

આ બાબતે મળતી હકીકત મુજબ જિલ્લા પોલીસ વડા વિજય પટેલ દ્વારા શહેર સહિત સમગ્ર જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ ડામી દેવા કડક સુચના આપવામાં આવી છે જેનાં પગલે પાટણ જિલ્લાના સાંતલપુર પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા પીએસઆઇ પરમાર સહિત નો સ્ટાફ હાઈવે વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો ત્યારે ખાનગી રાહે મળેલી બાતમીના આધારે પીએસઆઇ પરમાર અને સ્ટાફ દ્વારા પીપરાળા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી બાતમી વાળી કચ્છ તરફ થી આવી રહેલ ટ્રક પસાર થતા તેને ઉભી રખાવી તપાસ કરતાં ટ્રકમાં છલોછલ ભરેલ ઈંગ્લિશ દારૂ નો જથ્થો પેટી નંગ ૧૧૦૦ સાથે બે આરોપીની ઝડપી લઈ ઈંગ્લીશ દારૂનાં જથ્થા સાથે ટ્રક મળી અંદાજિત રૂ.૨૦ લાખનો મુદ્દામાલ પોલીસ મથકે લાવી આગળ ની કાયૅવાહી સાંતલપુર પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# અરવલ્લી જિલ્લાના મોડાસાના માથાસુલીયા ગામે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત  પ્રથમ તળાવનું નિર્માણ કાર્ય હાથ ધરાયું

## શ્રમિકોને સાંસદના હસ્તે છાશ વિતરણ  કરાયું




અરવલ્લી જિલ્લામાં આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે જળ સંચય અભિયાન અંતર્ગત વિવિધ કામો હાથ ધરાયા છે. જેમાં મનરેગા થકી રોજગારીનો નવો સ્તોત્ર ઉભો થયો છે. તેની સાથે પ્રધાન મંત્રીએ જિલ્લામાં ૭૫ નવીન તળાવો બનાવવાનો નેમ લીધે છે તે અન્વયે મોડાસા તાલુકાના માથાસુલીયા ગામે સાબરકાંઠા-અરવલ્લીના સાંસદશ્રી દિપસિંહ રાઠોડના હસ્તે અને જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા કલેકટરશ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીનાની ઉપસ્થિતિમાં નવીન તળાવનુ ખાતમૂર્હત કરવામાં આવ્યુ હતુ.  આ નવીનીકરણ તળાવનુ કામ ચાલી રહ્યુ છે. જેમાં મનરેગા અંતર્ગત કામ કરતા શ્રામિકોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કામ કરતા મજૂરોને અરવલ્લીના સાંસદશ્રી દિપસિંહ રાઠોડના હસ્તે છાશ વિતરણ કરવામાં આવ્યુ હતુ જેમાં ઉનાળાની કાળજાળ ગરમીમાં કામ કરતા શ્રમિકોને ગરમીથી બચવા બેસવા માટે છાંયડો,પાણી અને છાશ આપવાનું સૂચન કર્યું હતું. જેને લઈ સ્થાનિકોએ વહીવટી તંત્ર દ્વારા છાશ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ છાશ વિતરણ વેળાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી દાવેરા, મોડાસા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પટેલ તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા/જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, સરપંચશ્રી તથા ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા રહ્યા હતા.



વિશ્વ ફલક ક્ષેત્રે શ્રદ્ધાનું સ્થાન  પામનાર ડાંગ જિલ્લાનું સુપ્રસિદ્ધ યાત્રાધામ એવું શબરીધામ થકી સંચાલિત વિવિધ શૈક્ષણિક કાર્યો , સેવાકાર્યો તેમજ અલગ-અલગ વિકાસકાર્યોના નવીનીકરણ તેમજ આયોજન બાબતે શબરીધામ ટ્રસ્ટી મંડળનીગુજરાતના મુખ્યમંત્રીશ્રી આદરણીય ભુપેન્દ્રભાઈ પટેલ  સાહેબ સાથે બેઠક યોજાઈ. આ પ્રસંગે ગુજરાત રાજયના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના કેબિનેટ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ સાહેબ તેમજ માર્ગ અને મકાન તેમજ પવિત્ર યાત્રાધામ વિકાસ વિભાગના કેબીનેટ મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદી સાહેબની વિશેષ ઉપસ્થિતી રહી હતી.ડાંગ જિલ્લામાંથી સબરી સમિતિના કિશોરભાઈ ગાંવિત, ધારાસભ્ય વિજયભાઈ પટેલ,ભાજપ પાર્ટી પ્રમુખ દશરથભાઈ પવાર,સંજય પાટીલ,પ્રવીણ આહિરે,રોહિત સુરતી,બિપીન રાજપૂત,સુરેશ નાયર સહિત આગેવાનોએ મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળ ની મુલાકાત લઈ આગામી દિવસોમાં સબરિધામ ને વધુ લોકભોગ્ય બનાવવા રજૂઆતો કરવામાં આવી હતી.

નરેંદ્ર પવાર .ડાંગ

### કોરોના કાળની ખોટને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વઘઈના માર્ગદર્શનથી

# સરભર કરતો ગોદડિયાનો સાહસિક ખેડૂત:મરચાના પાકમા ખોટ ખાધા બાદ, આંબા કલમમા નફો રળીને બેઠો થતો યુવાન




આહવા: તા: ૦૫: કોરોનાના કપરા કાળમા પાંચેક લાખના મરચાના પાકના કોઈ લેવાલ નહી મળતા મહેનત માથે પડી હોવા છતા, હૈયે હામ રાખીને ફરીથી પરિશ્રમ કરી, આંબા કલમ તૈયાર કરીને, પોતાને થયેલી ખોટને સરભર કરી લઈ, ગોદડિયાનો યુવાન ખેડૂત અન્યો માટે પ્રેરણાનો સ્રોત બન્યો છે.

કોરોનાના વર્ષમા એટલે કે, પ્રથમ લોકડાઉન વેળા પોતે તૈયાર કરેલી મરચીનો પાક કોઈ ખરીદવા તૈયાર ન હતુ. જેને લઈને અંદાજે પાંચેક લાખની ખોટને કારણે, માથે હાથ દઈને બેઠેલા વઘઇ તાલુકાના ગોદડિયાના ખેડૂતને નવી રાહ ચીંધી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વઘઈએ અમૂલ્ય માર્ગદર્શન આપીને, તેને ફિનિક્સ પક્ષીની જેમ, રાખમાંથી પુનઃ બેઠો કર્યો છે. પોતાના ખેતરમા માત્ર પાંચ ગુંઠા જેટલી મુઠ્ઠીભર જમીનમા બારેક હજાર જેટલી મધમીઠી કેરીની વિવિધ જાતો હાફૂસ, કેસર, લંગડો, દશેરીની કલમો ઉછેરીને, એક કલમના રૂ.૭૦/- પ્રમાણે ૧૨ હજાર કલમનો કુલ રૂ.૮ લાખ ૪૦ હજારમા સોદો પાકો કરીને, ગોદડિયાના યુવા ખેડૂત હસમુખ બાગુલે ખોટમાંથી બેઠા થવાનો સાહસિક માર્ગ પસંદ કર્યો છે.

પોતાની બાપિકી એક હેક્ટર-૧૫ આરે જમીન પૈકી માત્ર પાંચ ગુંઠામા જ, દસ દસ માસથી આંબા કલમને ઉછેરીને લાખોનો નફો રળતા આ યુવાન ખેડૂત શ્રી હસમુખ બાગુલે જણાવ્યુ હતુ કે, કોરોના કાળમા હિંમત હાર્યા પછી, ફરી બેઠા થવુ મુશ્કેલ હતુ. ત્યારે જ વઘઇના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના બાગાયત વૈજ્ઞાનિક શ્રી હર્ષદ પ્રજાપતિ તથા તેમની ટીમે, નવિન અને સાહસિક આંબા કલમના ઉછેરની દિશા બતાવી. જેના થકી દશેક માસમા જ ૧૨ હજાર આંબા કલમ તૈયાર કરીને, ખેતર બેઠા લેવાલ પણ મળી જતા, તેનામા નવો જોમ અને જુસ્સો આવ્યો છે. તેને જોઈને અન્ય ખેડૂતો પણ નવતર ખેતી પાકો તરફ વળી રહ્યા છે, તેમ હસમુખ બાગુલે ગર્વ સાથે જણાવ્યુ હતુ.આંબા કલમ સિવાય જો તેણે પાંચ ગુંઠામા મરચી, રીંગણ, ટામેટા જેવા ધરૂ તૈયાર કર્યા હોત તો માત્ર પાંચ-સાત હજારની જ આવક મેળવી શક્યો હોત, તેમ જણાવતા તેણે આંબા કલમ કરીને ૮ લાખ ઉપરાંતની આવક મેળવી છે, તેમ એક રૂબરૂ મુલાકાતમા જણાવ્યુ હતુ.

હસમુખ બાગુલે ૧૨ હજાર આંબા કલમ તૈયાર કરવા માટે શરૂઆતમા એકાદ મહિનો પંદર, વીસ મજૂરો રાખવા પડ્યા હતા. જેના માટે અંદાજિત એકાદ લાખ રૂપિયાના રોકાણ સિવાય, દસ મહિના સુધી નિયમિત પાણી આપી, તેની માવજત કરીને ઘરના છ વ્યક્તિઓની દેખરેખ હેઠળ, આઠેક લાખ રૂપિયાની આવક મેળવી છે.કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વઘઈના બાગાયત વૈજ્ઞાનિક શ્રી હર્ષદ પ્રજાપતિએ, ડાંગ જિલ્લામા મરચી, રીંગણ, ટામેટા, આંબા જેવા પાકોમા અહીના ખેડૂતોને ધરૂ વાડિયુ લેવા માટે છેક વ્યારા કે વાંસદા સુધી જવુ પડતુ હોય છે. ત્યારે જો તેઓ અહી ઘર બેઠા જ વૈજ્ઞાનિક પદ્ધતિથી ધરૂ તૈયાર કરે, તો તેમનુ આર્થિક ભારણ હળવુ કરવા સાથે આવકનો નવો સ્રોત પણ મળી રહે છે તેમ જણાવ્યુ હતુ.

યુવાનોને 'આત્મનિર્ભર' બનવાની પ્રેરણા આપતા ગોદડિયાના આ યુવાને, ગામમા જ્યારે અન્ય ખેડૂતો ભીંડાની ખેતી તરફ વળ્યા હતા. ત્યારે ધરૂવાડિયુ ઉછેરીને, નવો ચીલો ચાતર્યો છે.

માત્ર ધોરણ-૯ સુધી જ અભ્યાસ કરી શકેલો આ સાહસિક યુવાન, ખેતીમા નવતર પ્રયોગ કરીને તેને જ વ્યવસાયના રૂપમા અપનાવી ચૂક્યો છે.

નરેન્દ્ર પવાર.ડાંગ

# વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, રેશ્મા પટેલ સહિત ૧૦ને સજા





બનાસકાંઠા  બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

મહેસાણા કોર્ટે ૩ માસની સજા રૂ.૧૦૦૦ દંડ ફટકાર્યો

૨૦૧૭માં મંજૂરી વગર યોજી હતી રેલી,રેલી યોજી જાહેરનામા ભંગ કેસમાં સજા

૨૦૧૭મા આઝાદી કૂચની રેલી સંદર્ભે સરકાર દ્વારા મહેસાણા છ ડિવિઝનમાં દાખલ કરેલ ફરીયાદ (કેસ નંબર ૯૯૧/૨૦૧૮) માં આજ તારીખ ૦૫/૦૫/૨૦૨૨ ના રોજ મહેસાણા કોર્ટમાં જજમેન્ટ હતું તે કેસમાં દ્મઁ નેતા રેશ્મા પટેલ, સ્ન્છ જીગ્નેશ મેવાણી સહિત તમામ ૧૨ આરોપીને કોર્ટ દ્વારા ૩ મહિના જેલ અને ૧૦૦૦ રૂપિયા દંડની સજા ફટકારવામાં આવી છે.આ મામલે દ્મઁ નેતા રેશ્મા પટેલે જણાવ્યું કે અમે કોર્ટના હુકમ નું સન્માન કરીએ છીએ. પરંતુ બીજેપી ના રાજમાં ?જનતા માટે ન્યાય માંગવો પણ ગુનો છે, બીજેપી કાયદાનો ખોટો ડર બતાવી અમારો અવાજ દબાવી નહી શકે. અમે જનતાને ન્યાય માટે હંમેશા લડતા રહીશું. ૨૦૧૭ માં ઉનાકાંડની વરસી નિમિત્તે બનાસકાંઠાના દલિત પરિવારને ફાળવેલી જમીનનો પ્રત્યક્ષ કબ્જો સોંપવામાં આવે એ હેતુથી મહેસાણાથી ધાનેરા સુધી કરવામાં આવેલી 'આઝાદી કુચ' માં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, રેશમા પટેલ, રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કૌશિક પરમાર, સુબોધ પરમાર સહિત કુલ ૧૦ આરોપીઓને મહેસાણાની કોર્ટ દ્વારા ૩ માસની જેલ અને ૧૦૦૦ રૂપિયા દંડની સજા ફરમાવવામાં આવી છે. તથા કુલ ૧૨ આરોપીઓ પૈકી ૧ આરોપીનું મરણ થયેલ છે અને અન્ય આરોપી ભાગેડુ છે.

### 'ગોવા ફાઈલ્સ' : 'ઈક્વિઝિશન'ના અત્યાચાર ?' આ વિષય પર ઑનલાઈન વિશેષ સંવાદ

# પોર્તુગીઝોએ 'ઈક્વિઝિશન' દ્વારા કરેલા અત્યાચારોનો ઈતિહાસ

ગોવા સહિત સંપૂર્ણ કોંકણ આ ભગવાન પરશુરામની ભૂમિ છે, આ ઐતિહાસિક, પૌરાણિક સત્ય છે. ગોવાની ભૂમિ ખ્રિસ્તી પંથના ઉદય પહેલાંની છે. તો પણ ગોવા 'વાસ્કો' અને 'ઝેવિયર'ની ભૂમિ છે, એવુ કહીને તેમનાં વખાણ કરવામાં આવે છે. આ જ ઝેવિયરે ગોવામાં 'ઈક્વિઝિશન' લાગુ કર્યો. ગોવામાંના 'ઈક્વિઝિશન'ના કાળમાંનો અહીંનો 'હાથ કાતરો' થાંભલો એકમાત્ર મહત્ત્વનો પુરાવો બાકી રહ્યો છે. આ જ થાંભલા સાથે બાંધીને તે કાળમાં હિંદુઓનાં હાથ કાપવામાં આવ્યા. 'હાથ કાતરો' થાંભલો જુના ગોવા ખાતે પૂર્ણપણે બેદરકારીની સ્થિતિમાં છે. આ ઈતિહાસ સરકાર અને પુરાતત્ત્વ ખાતાના માધ્યમ દ્વારા પૂસી નાખવાનું કાવતરું ચાલું છે. સ્પેન, રશિયા સહિત અનેક દેશોમાં 'ઈક્વિઝિશન'ના કાળના પુરાવા અને અવશેષો જતન કરીને સંપૂર્ણ જગતને જોવા માટે સંગહાલયમાં મૂકવામાં આવ્યા છે; પરંતુ ગોવામાં 'હાથ કાતરો' થાંભલાના માધ્યમ દ્વારા પોર્તુગીઝોએ હિંદુ સમાજ પર કરેલા અત્યાચારો ઉજાગર કર્યા વિના અમે સ્વસ્થ નહીં બેસીએ, એવું પ્રતિપાદન હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ વતીએ આયોજિત 'ગોવા ફાઈલ્સ' - 'ઈક્વિઝિશન'ના અત્યાચાર ?' આ ઑનલાઈન વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યા હતા.

આ વિશેષ સંવાદમાં 'ઈક્વિઝિશન'નું સ્વરૂપ દર્શાવનારો વિડિયો દેખાડવામાં આવ્યો. આ વિડિયોમાં સમગ્ર જગત્માં કેવી રીતે 'ઈક્વિઝિશન' કરવામાં આવ્યું, આ સચિત્ર અને ઐતિહાસિક સંદર્ભો સહિત રાષ્ટ્રીય ઐતિહાસિક અનુસંધાન અને તુલનાત્મક અધ્યયન કેંદ્રનાં અધ્યક્ષ શ્રી. નીરજ અત્રીએ પ્રસ્તુત કર્યું. તેમજ 'ઈક્વિઝિશન'ના સંદર્ભમાં 'છત્રપતિ શિવાજી મહારાજ મ્યુઝિયમ ઑફ ઇંડિયન હિસ્ટ્રી, પુણે'ના વતીએ બનાવવામાં આવેલું અને હિંદુ જનજાગૃતિ સમિતિ વતીએ પ્રકાશિત કરવામાં આવેલું ચિત્રમય ફલક પ્રદર્શન પણ લગાડવામાં આવ્યું હતું.

# બનાસકાંઠામાં ટ્રિપલ તલાક આપનાર અધિકારીને ૧ વર્ષની સજા



બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

કેન્દ્રની મોદી સરકારમાં મુસ્લિમ મહિલાઓ માટે ટ્રિપલ તલાકનો કાયદો બન્યા બાદ ગુજરાતમાં સજાનો પ્રથમ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ટ્રિપલ તલાક મામલે એક અધિકારીને પાલનપુરની કોર્ટે એક વર્ષની સજા ફટકારી હોવાની ઘટના સામે આવી છે. એક પુત્રીની માતાને તરછોડી ત્રણ વાર તલાક કહી અન્ય હિન્દૂ યુવતી સાથે લગ્ન કરનાર કલાસ વન અધિકારીને કોર્ટે ૧ વર્ષની સજા ફટકારતા કોર્ટ પરિસરમાં સોપો પડી ગયો હતો. ટ્રિપલ તલાકના કેસમાં સજા પડી હોય તેવો રાજ્યનો આ પ્રથમ કેસ હોવાના અહેવાલ સાંપડ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, વડગામ તાલુકા ના જૂનીનગરીના વતની શહેનાજબાનુ ના લગ્ન હેબતપુરના વતની સરફરાજ ખાન બિહારી સાથે થયા હતા. તેમના લગ્નજીવનથી શહેનાજબાનુને એક પુત્રી "મન્નત" નો જન્મ થયો હતો. ત્યારબાદ સરફરાઝખાનને દાંતીવાડા સિપુ નિગમમાં ડેપ્યુટી એન્જિનિયર તરીકેની નોકરી દરમિયાન તેની સાથે ઓફિસમાં કામ કરતી હિન્દુ યુવતી સાથે પ્રેમ થતા તેને લઈને નાસી ગયો હતો. તે સમયે પરિવારના સમજાવટથી સરફરાજખાને યુવતીને ભૂલી જશે તેમ કહી મામલો થાળે પાડયો હતો.

પરંતુ ત્યારબાદ પણ સરફરાઝખાને યુવતી સાથે સંબંધો રાખતા યુવતીને એક પુત્રનો જન્મ થયો હતો. જેથી તેની પત્નીએ વિરોધ કરતા સરફરાઝખાને તેને ગડદાપાટુનો માર મારી ત્રણવાર તલાકપ તલાકપ તલાકપબોલી ઘરમાંથી કાઢી મુકી હતી.

દરમિયાન પીડિત પત્નીએ પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં મુસ્લિમ પ્રોટેકશન ઓફ એકટ મુજબની ફરિયાદ નોંધાવી હતી. જે સમગ્ર કેસ પાલનપુર ની બીજી એડિશનલ કોર્ટમાં ચાલી જતા જજ બી.એસ દરજીએ તમામ બાબતો અને સરકારી વકીલની દલીલોને ધ્યાને લેતા અને કેસની ગંભીરતા જોતા આરોપી સરફરાઝ ખાન બિહારીને એક વર્ષની સજા અને રૂ.૫૦૦૦નો દંડ ફટકાર્યો છે. ટ્રિપલ તલાકના કાયદા બાદ ગુજરાતમાં કોઈને સજા પડી હોય તેવો રાજ્યનો આ પ્રથમ કિસ્સો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.